RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 225* Date: 12.06.2020 * Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### NEETમાં ઓબીસી માટે ૫૦% અનામતની માંગ માટે રીટ

# અનામત નાગરિકનો મૂળભૂત અધિકાર નથીઃ સુપ્રિમ કોર્ટ

## અમને ખુશી છે કે આ મામલામાં તમામ રાજકીય પક્ષ એક સાથે આવ્યા, પરંતુ તમે હાઈકોર્ટમાં અરજી કરી શકોઃ કોર્ટ

*ન્યુ દિલ્હી,તા.૧૧*

રાજકિય પક્ષો માટે ખૂબ જ સંવેદનશીલ ગણાતા અનામતના મામલે દેશની સર્વોચ્ચ અદાલતે દૂરોગામી રાજકિય અને સામાજિક અસરો પેદા કરી શકે તેવા એક કેસમાં એવુ ઠરાવ્યું કે અનામતનો અધિકાર એ નાગરિકનો મૂળભૂત બંધારણિય અધિકાર નથી. નીટ(NEET)ની પરીક્ષામાં ૫૦ ટકા અનામતની માંગણી માટે તામિલનાડૂના વિવિધ રાજકિય પક્ષોએ એકબીજાના વિરોધને એકબાજૂએ મૂકીને સંયુકત રીટ કરી હતી. જેની સુનાવણી વખતે કોર્ટે અનામત એ મૂળભૂત અધિકાર નથી એમ ઠરાવી એવું પણ અવલોકન કર્યું હતું કે , અમને ખુશી છે કે આ મામલામાં તમામ રાજકીય પક્ષ એક સાથે આવ્યા છે, પરંતુ અમે આ અરજીની સુનાવણી નહીં કરીએ. જો કે અમે અરજી ફગાવી નથી રહ્યા પણ અમે તમને હાઈકોર્ટ સમક્ષ અરજી કરવાની તક આપી રહ્યા છીએ, એમ કહીને કોર્ટે તેમને હાઈકોર્ટમાં અરજી કરવાનું જણાવ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે તામિલનાડુમાં આમ તો પ્રાદેશિક પક્ષો એકબીજાની સામે લડતા હોય છે. તેઓ ભાગ્યે જ કોઈ એક મુદ્દે સહમત થતાં હોય છે. પરંતુ મેડિકલ સહિતની અન્ય ફેકલ્ટીમાં પ્રવેશ માટે મહત્વની ગણાતી નીટની પરીક્ષામાં ૫૦ ટકા અનામત લાગૂ કરવાની માંગને લઈને આ પક્ષો એક થયા અને સૌએ સાથે મળીને સુપ્રિમના દ્વાર ખટખટાવ્યાં હતા. જેની સુનાવણી આજે નિકળતા કોર્ટે અનામતને લઈને કડક ટિપ્પણી કરી હતી. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, અનામત મૂળભૂત અધિકાર નથી. આ સાથે જ કોર્ટે અરજી પર સુનાવણી કરવાથી પણ ઈનકાર કરી દીધો હતો..



તમિલનાડુના ડીએમકે, સીપીઆઈ, એઆઈએડીએમકે સહિત કેટલાક પક્ષાએ ન્નઈઈ્ હેઠળ મેડિકલ કોલેજમાં બેઠકોને લઈને તમિલનાડુમાં ૫૦ ટકા ઓબીસી અનામત મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, આ મામલે કોઈપણ વ્યક્તિનો મૂળભૂત અધિકાર છીનવામાં આવ્યો છે? અરજીકર્તાઓના વકીલોની દલીલથી લાગે છે કે તમે માત્ર તમિલનાડુના કેટલાક લોકોના ફાયદાની વાત કરી રહ્યા છો.

જસ્ટિસ એલ નાગેશ્વર રાવની બેંચે સુનાવણી દરમિયાન જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિ અનામતના અધિકારનો દાવો કરી શકતો નથી. અનામતનો અધિકાર મૂળભૂત અધિકાર નથી.. તમે હાઈકોર્ટમાં અરજી કરો:, એમ કહીને અરજદારોને કહ્યું કે તમે કોર્ટ પાસેથી અરજી પાછી લઈ લો અને હાઈકોર્ટમાં અરજી કરો. અમે તમારી અરજીનો ઈક્રાર કરતાં નથી. પરંતુ પહેલાં નીચલી અદાલતમાં જાઓ.

સુપ્રીમ કોર્ટે વધુમાં એમ પણ કહ્યું કે, આ કેસમાં કોઈનો મૌલિક અધિકાર છીનવાયો છે? તમારી દલીલોથી લાગી રહ્યું છે કે તમે માત્ર તમિલનાડુંના ગણ્યા ગાંઠ્યા લોકોના ભલાની વાત કરી રહ્યા છો. હ્રસ્દ્ર પાર્ટી તરફથી કોર્ટમાં કહેવાયું કે, અમે વધારે અનામતની માંગ નથી કરી રહ્યા, પણ જે છે તેને લાગુ કરવામાં આવે તેની વાત કરી રહ્યા છીએ.આ દરમિયાન ટિપ્પણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અમને ખુશી છે કે આ મામલામાં તમામ રાજકીય પક્ષ એક સાથે આવ્યા છે, પરંતુ અમે આ અરજીની સુનાવણી નહીં કરીએ. જો કે અમે અરજી ફગાવી નથી રહ્યા અમે તમને હાઈકોર્ટ સમક્ષ અરજી કરવાની તક આપી રહ્યા છીએ.

જસ્ટિસ એલ નાગેશ્વરા રાવ , કૃષ્ણ મુરારી અને રવિન્દ્ર ભટની ત્રણ ન્યાયાધીશોની બેંચ સમક્ષ રાજકીય પક્ષો એઆઈએડીએમકે, ડીએમકે અને અન્ય લોકોએ કરેલી અરજીઓ ભારતના બંધારણની કલમ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવી હતી.

## ખોટી રીતે ચાર્જ વસૂલ કરતી ખાનગી હૉસ્પિટલોને કાયમ માટે બંધ કરી દેવાશેઃ નીતિન પટેલની ચેતવણી



ગાંધીનગર,તા.૧૧

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છેકે, અમદાવાદમાં જે નાગરિકોને લાગતુ હોય કે તેમને કોરોના શંકાસ્પદ છે તેઓ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનના આધારે પ્રાઈવેટ લેબમાં પોતાનો કોરોના ટેસ્ટ કરાવી શકે છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું છેકે, અત્યારસુધી નાગરિકો માત્ર સરકાર દ્વારા લેવાયેલા સેમ્પલનું જ ટેસ્ટિંગ કરાવી શકતા હતા, તેના બદલે હવે એમડી સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો જે નાગરિકમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાય અને તેના ટેસ્ટ કરાવવાની ભલામણ કરશે તો ખાનગી લેબોરેટરીમાં એ નાગરિકો પોતાનો ટેસ્ટ કરાવી શકશે. જેની જાણકારી જે તે ડોક્ટરે મહાનગરપાલિકાને જાણ કરવાની રહેશે. આ નિર્ણય આવતીકાલથી લાગૂ પડશે.નીતિન પટેલે જણાવ્યું છેકે, અમદાવાદમાં એમડી સ્પેશિયાલિસ્ટ સહિતના ૧૪૦૦ જેટલા ડોક્ટરો ખાનગી પ્રેક્ટિસ કરે છે. ઘણા નાગરીકો આ ડોક્ટરો પાસે કન્સલ્ટિંગ માટે જાય છે. તેમના દ્વારા ટેસ્ટ કરવાની ભલામણ કરાવવામાં આવે તો સોલા, સિવિલ કે અર્બન હેલ્થ કેરોમાં જવું પડતું હતું. ગઈકાલે કોર ગ્રુપે નિર્ણય કર્યો છેકે, અમદાવાદમાં ૧૪૦૦ જેટલા ડોક્ટરો પાસે કોઈપણ નાગરીક પોતાની શારીરિક ચકાસણી જાય અને જો એ ડોક્ટરને એવું લાગે કે તેમનામાં કોરોનાના શંકાસ્પદના લક્ષણો છે તો તેવા વ્યક્તિ ડોક્ટરની ભલામણના આધારે ખાનગી લેબોરેટરીમાં ટેસ્ટિંગ કરાવી શકશે. ટેસ્ટનો રિપોર્ટ જો પોઝિટિવ આવશે તો અત્યારે સરકાર તરફથી પોઝિટિવ દર્દીઓની સારવાર માટે સરકારી અને ખાનગી હોસ્પિટલમાં જે સુવિધા કરવામાં આવી છે ત્યાં આ નાગરિકોની સારવાર કરવામાં આવશે. આ સિવાય નીતિન પટેલે જણાવ્યું કે, રાજ્યમાં કેટલીક ખાનગી હોસ્પિટલો દ્વારા કોરોનાની સારવારના નામે ખોટા બીલો બનાવવામાં આવે છે અને દર્દીઓ પાસે વધારાના ચાર્જ વસુલવામાં આવે છે. કોરોના દર્દીને જે ઈન્જેક્શન સરકાર દ્વારા સસ્તી કિંમતમાં આપવામાં આવે છે, તેનો ખાનગી હોસ્પિટલો દ્વારા વધારે ચાર્જ વસુલવામાં આવે છે. જે પણ હોસ્પિટલો વધારે ચાર્જ ઉઘરાવતી હશે, તે હોસ્પિટલો સામે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે, અને આવી હોસ્પિટલને કાયમી બંધ કરી દેવામાં આવશે.

### છેલ્લા ૨૪ કલાકમાં ૯૯૯૬ પોઝિટિવ કેસ અને ૩૫૭ લોકોના મોત

## કોરોના મહામારી વિકરાળ બનીઃ ૨૪ કલાકમાં સૌથી વધુ કેસ અને મોત

*ન્યુ દિલ્હી,તા.૧૧*

દેશમાં અનલોક-૧માં આજે ગુરૂવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન અત્યારસુધીમાં સૌથી વધુ ૧૧૧૫૬ કેસો બહાર આવતાં કોરોના દર્દીઓની સંખ્યા કૂદકે ભૂસકે વધીને ૨,૮૭,૧૬૫ થઈ ગઈ છે. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ ૩૫૭ લોકોના મૃત્યુ. સાથે જ અત્યાર સુધીમાં કુલ ૮,૧૦૨ લોકોના મોત થયા છે.

તો બીજી તરફ દિલ્હીમાં સંક્રમિતોની સંખ્યા પણ સતત વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીંયા ૧૫૦૧ દર્દી મળ્યા હતા. મંગળવારે ૧૩૬૬ દર્દી મળ્યા હતા. એટલે કે મંગળવારથી અત્યાર સુધી લગભગ ૧૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. સાથે જ દેશના સૌથી પ્રભાવિત ૬ રાજ્યોમાંથી દિલ્હીનો રિકવરી રેટ ૩૭.૫૨% છે, જે સૌથી ઓછો છે.દેશની આંકડાકિય માહિતી મુજબ, આ પહેલા ૨૪ કલાકમાં ૧૧ હજાર ૧૫૬થી વધારે દર્દીઓ મળ્યા હતા. સાથે જ ૭ જૂને સૌથી વધારે ૧૦ હજાર ૮૮૪ કોરોના પોઝિટિવ મળ્યા હતા. તો બીજી બાજુ ઉત્તરપ્રદેશમાં પણ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હવે તે સંક્રમિતોના મામલામાં દેશનું પાંચમું રાજ્ય બની ગયું છે. અહીંયા ગુરુવાર સવાર સુધી યુપીમાં ૧૧ હજાર ૬૧૦ કેસ થઈ ગયા હતા.સૂત્રોએ વધુમાં કહ્યું કે, આ સાથે જ સારી બાબત એ છે કે સાજા થઈ રહેલા દર્દીઓની સંખ્યમાં સતત વધારો થઈ રહ્યો છે. બુધવારે ૬૩૨૬ દર્દી સાજા થયા હતા. અત્યાર સુધી દેશમાં ૧ લાખ ૪૦ હજાર ૯૭૯ સંક્રમિત સાજા થયા છે. તો બીજી બાજુ મધ્યપ્રદેશમાં અત્યાર સુધી ૧૦ હજારથી વધારે કેસ થઈ ગયા છે. મધ્યપ્રદેશ દેશનું સાતમું એવું રાજ્ય બની ગયું છે, જ્યાં હવે સૌથી વધારે કેસ થયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે ગુરુવારે સવારે કોરોના અંગેના આંકડા જાહેર કર્યા હતા. જેના જણાવ્યાં પ્રમાણે બુધવારે દેશને પહેલી વખતે એક દિવસમાં સૌથી વધારે ૯૯૯૬ પોઝિટિવ મળ્યા છે. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૭ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધી ૨ લાખ ૮૬ હજાર ૫૭૯ કેસ થઈ ચુક્યા છે. જેમાંથી ૧ લાખ ૩૭ હજાર ૪૪૮ એક્ટિવ કેસ છે અને એક લાખ ૪૧ હજાર ૨૯ દર્દી સાજા થઈ ચુક્યા છે. સાથે જ અત્યાર સુધી ૮૧૦૨ લોકોના મોત થયા છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ(ICMR)એ ગુરુવારે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં એક લાખ ૫૧ હજાર ૮૦૮ સેમ્પલની તપાસ કરાઈ છે. આ સાથે દેશમાં ૧૧ જૂન, સવારે ૯ વાગ્યા સુધી ૫૦ લાખ ૧૩ હજાર ૧૪૦ સેમ્પલની તપાસ કરાઈ છે.

દિલ્હીમાં CRPFના ચીફ મેડિકલ ઓફિસર કોરોના પોઝિટિવ મળ્યા છે. ઝર્સને ઓખલામાં એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા છે. તેમની સાથે CRPFમાં સંક્રમિતોની સંખ્યા ૫૪૪ થઈ ગઈ છે. જેમાંથી ૩૫૩ રિકવર થઈ ગયા છે અને ચાર લોકોના મોત થયા છે.દેશમાં કોરોનાથી મરનારા લોકોની સંખ્યા ૮,૧૦૬ થઈ ગઈ છે. બુધવારે એક જ દિવસમાં અત્યાર સુધી સૌથી વધારે ૩૮૭ લોકોના મોત થયા હતા. આ પહેલા ૬ જૂને સૌથી વધારે ૨૯૮ સંક્રમિતોએ જીવ ગુમાવ્યો હતો. દેશની રાજધાની દિલ્હીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૦ દર્દીઓના મોત થયા હતા. અહીંયા મૃતકોનો આંકડો એક હજારની પાસે પહોંચ્યો છે. અહીંયા અત્યાર સુધી ૯૮૪ લોકોના મોત થયા છે. સાથે જ ગઈ કાલે મહારાષ્ટ્રમાં ૧૪૯ લોકોના મોત થયા હતા. અહીંયા મૃતકોની સંખ્યા હવે ૩,૪૩૮ થઈ ગઈ છે.

### સરકારે બદલી MSMEની વ્યાખ્યા, લોકલ માટે વોકલ બનવાનો સમય

## કોરોના સંકટ દેશ સમક્ષ સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટઃ મોદી

ન્યુ દિલ્હી,તા.૧૧

વડાપ્રધાન મોદીએ આજે આઈસીસીના કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે ભારતને એ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની અપીલ કરી છે, જ્યાં ભારત પાછળ રહ્યું છે. તેઓએ કહ્યું કે કોરોના કાળમાં આપણે આ દિશામાં આગળ વધી શકીએ છીએ.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે કોરોનામાં આખી દુનિયા લડી રહી છે ત્યારે ભારત તેમાં પાછળ નથી. દેશવાસીઓ હવે આ મુશ્કેલી સામે લડવાની ઈચ્છા શક્તિ સાથે કામ કરી રહ્યો છે. વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને અને ઉદ્યોગજગતને અપીલ કરી છે કે જે ક્ષેત્રમાં ભારત પાછળ છે ત્યાં આત્મનિર્ભર બનવાનો અવસર છે. તેઓએ આજે આપણા મનમાં એક મોટો કાશ.. બનાવ્યો છે.

વડાપ્રધાનએ ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સે કહ્યં કે આજે દરેક ભારતીયોના મનમાં એક જ પ્રશ્ન છે કે કાશ અમે મેડિકલ ઉપકરણમ બનાવવાના ક્ષેત્રમાં આત્મનિર્ભર થઈ જાય. કાશ આપણે ખનીજ અને કોલસાના સેક્ટરમાં આત્મનિર્ભર થઈ જઈએ. કાશ આપણે તેલના ઉત્પાદનમાં આગળ વધીએ. ફર્ટિલાઈઝરના ઉત્પાદનમાં કાશ ભારત આત્મનિર્ભર બનીએ. ઈલેક્ટ્રોનિક્સના ક્ષેત્રમાં કાશ ભારત આત્મનિર્ભર બને. સોલર પેનલ અને બેટરી તથા ચિપ્સના નિર્માણમાં ભારત પોતાનો ઝંડો લહેરાવે. ઉડ્ડયન ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બને. તો જ આપણે આગળ વધી શકીશું. તેઓએ કહ્યું કે આવા અનેક કાશ છે જેને દરેક ભારતીયો શોધી રહ્યા છે. મોટું કારણ રહ્યું છે કે છેલ્લા ૫-૬ વર્ષમાં ભારતની આત્મનિર્ભરતાનું લક્ષ્ય સર્વોપરી રહ્યું છે. કોરોના સંકટે આ ગતિને વધારવાનું નક્કી કર્યું છે. આ કારણે જ આત્મનિર્ભર ભારત બન્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે મુસીબતની દવા મજબૂતી છે. મુશ્કેલ સમયે ભારતની ઈચ્છાશક્તિને મજબૂત કરી છે. તેઓએ કહ્યું કે કોરોના બાદ આપણે આત્મનિર્ભર બનવાનું છે અને આગળ વધવાનું છે. દરેક ભારતીયના મનમાં એક પ્રશ્ન રહેશે કે ભારત કયા ક્ષેત્રમાં આત્મનિર્ભર બને.

પીએમએ કહ્યું કે કોરોનાની લડાઈમાં આપણે જોડાઈ ગયા છીએ. તેની પર વિજય મેળવવાનો છે. અમારા કોરોના યોદ્ધા લડી રહ્યા છે. તેને અવસરમાં બદલવાનો છે. પણ મુશ્કેલી મોટો ટર્નિંગ પોઈન્ટ બન્યો છે. આરણે તેને આગળ વધારવાનું છે.

પીએમએ કહ્યું કે પરિવારમાં પણ દીકરો કે દીકરી ૧૮-૨૦ વર્ષની થાય તો માતાપિતા કહે છે કે પોતાના પગ પર ઊભા થવાનું શીખો, આ એક રીતે આત્મનિર્ભર ભારતનો પહેલો પાઠ છે. ભારતે પોતાના પગ પર ઊભા થવાનું છે. ભારત અન્ય દેશ પર પોતાની નિર્ભરતા ઓછી કરે અને સાથે તે ઈમ્પોર્ટ કરતી ચીજોને ભારતમાં જ તૈયાર કરે. ભવિષ્યમાં આ પ્રોડક્ટને ભારતનું એક્સપોટર બનાવવાની તૈયારી કરવામાં આવે. આપણે આ દિશામાં ઝડપથી કામ કરવાનું છે.લોકલ માટે વોકલ બનાવવાનો સમય છે.

### કેટલાક સભ્ય લોકો ભારત તેમજ ભારતીયોને વિભાજીત કરવા માગે છેઃ રુપાણી

## ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ ગુજરાતીઓને પછાત કહેતા વિવાદ

ન્યુ દિલ્હી/ ગાંધીનગર,તા.૧૧

ઈતિહાસકાર રામચંદ્ર ગુહાએ એક ટ્વીટમાં ગુજરાતીઓને સાંસ્કૃતિક રીતે પછાત કહેતા વિવાદ ભડક્યો છે. ગુહાએ પોતાના ટ્વીટમાં ફિલિપ સ્પ્રોટ્ટને ટાંકતા લખ્યું છે કે, આર્થિક રીતે સમૃદ્ધ હોવા છતાં ગુજરાત સાંસ્કૃતિક રીત પછાત પ્રાંત છે, જયારે તેનાથી વિરુદ્ધ બંગાળ આર્થિક રીતે પછાત હોવા છતાં સાંસ્કૃતિક રીતે આગળ છે. પોતાના ટ્વીટમાં ગુહાએ લખ્યું છે કે ૧૯૩૯માં ફિલિપ સ્પ્રોટ્ટે આવું લખ્યું હતું.

ગુહાના ટ્વીટનો જવાબ આપતા રુપાણીએ લખ્યું છે કે, પહેલા અંગ્રેજો ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અનુસરતા હતા. હવે બૌદ્ધિકોનું જૂથ ભારતીયોમાં ભાગલા પડાવી રહ્યું છે. દેશ ક્યારેય આ પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓમાં નહીં ફસાય. ગુજરાત મહાન છે, બંગાળ પણ મહાન છે અને ભારત એક છે. રુપાણીએ એમ પણ લખ્યું હતું કે ગુજરાતના સાંસ્કૃતિક મૂળિયા મજબૂત છે તેમજ તેની આર્થિક મહત્વાકાંક્ષાઓ પણ બુલંદ છે.

ગુજરાતને પછાત કહેનારી ગુહાની ટ્વીટ પર લોકોએ પણ પોતાનો રોષ ઠાલવ્યો છે. ઘણા યુઝર્સે રુપાણીએ ગુહાને આપેલા જવાબના વખાણ પણ કર્યા છે. જરઙ્જિરૈૹઙ્દ્ઘિઙનિામના એક યુઝરે જણાવ્યું છે કે ગુહા જેવા લોકો ખોટો ઈતિહાસ ભણાવી દેશની સાંસ્કૃતિક એકતાને તોડવા ચાહે છે. કેટલાક લોકોએ ગુહાને બંગાળની સ્થિતિ સુધારવા પણ સલાહ આપી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૫૧૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૨૦૬૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૩૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૬૬**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૧૦૯**

## તંત્રી સ્થાનેથી...

# કોરોનાએ પ્રદૂષણનો પાઠ ભણાવ્યો

આફત, પછી એ કુદરતી હોય કે માનવસર્જિત, માનવજાતને હંમેશા પાઠ ભણાવતી જાય છે. યુધ્ધ એને શાંતિની કિંમત સમજાવે છે અને કુદરતી હોનારત એને પ્રકૃતિનો મહિમા યાદ અપાવે છે. એ તો માનવજાત છે જ અળવીતરી એટલે કાંઈ શીખવા માગતી નથી, અન્યથા કોરોના નામની આ આફતે પણ જગત આખાને એક મહત્વનો પાઠ ભણાવ્યો છેઃ પ્રદૂષણનો પાઠ.પ્રતિષ્ઠિત સાયન્સ વેબસાઈટ સાયન્સએલર્ટ.કોમના એક અહેવાલમાં લેખક જેકિન્તા બાઉલર લખે છે એમ, કોરોનાના આ સંકટના કારણે હજારો માનવ જિંદગી અને અર્થતંત્રનું નુકસાન થયું છે એનો ઈન્કાર ન થઈ શકે, પણ આ કાળા ડીબાંગ વાદળોની રૂપેરી કોર જેવી વાત એ છે કે ત્રીજા ભાગની દુનિયા લોકડાઉન હેઠળ આવવાથી એશિયા, યુરોપ અને અમેરિકા સહિતના દેશોમાં હવાનું પ્રદૂષણ અત્યંત ઘટી ગયું છે. આર્થિક-ઔદ્યોગિક પ્રવૃત્તિ અને વાહનોના પૈડાં થભી જવાના લીધે રોજબરોજ હવામાં ફેંકાતા કાર્બન ડાયોક્સાઈડ નામના ઝેરનું પ્રમાણ ઘટયું છે અને હવા શ્વાસ લેવા જેવી બની છે.આજકાલ તમારું ધ્યાન પંજાબના જલંધરથી આવેલા એક સમાચાર તરફ ગયું જ હશે. હિમાલયની ગોદમાં ફક્ત ૨૦૦ કિલોમીટરના અંતરે રમતું હોવા છતાં અહીંના રહેવાસીઓ છેલ્લા ત્રીસેક વર્ષથી હિમાલયની ધોળાધર રેન્જ જોઈ શકતા નહોતા, પણ લોકડાઉનના કારણે હવા ચોખ્ખી થતાં આજે લોકો પોતાના ઘરની અગાશીએથી બરફીલી પહાડીને નરી આંખે જોઈ શકે છે. આઈએફએસ અધિકારી સુશાંત નંદાએ એક ટ્વિટર યુઝરની આ મતલબની ટ્વિટ અને ફોટોગ્રાફસ શેર કર્યા પછી બધાનું ધ્યાન અચાનક આ તરફ ગયું છે. વિચાર કરો, એક આખી પેઢી નીકળી ગઈ ત્યાં સુધી કોઈ આ પર્વતમાળાને જોઈ શકતું નહોતું અને આજે લોકો સ્પષ્ટ દેખાતી આ પહાડીના ફોટોગ્રાફસ શેર કરી રહયા છે.વાત ફક્ત આટલી જ નથી. નવી દિલ્હીસ્થિત એર-પોલ્યુશન નિષ્ણાત પાર્થા બાસુ ચિત્રલેખા.કોમ સાથેની વાતચીતમાં કહે છે એમ, ગયા વર્ષના માર્ચ મહિનામાં દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ ને વટાવી ગયેલો, એ જ ઈન્ડેક્સ આ વર્ષે માર્ચના અંતમાં ૨૮૦ જેટલો હતો અને એપ્રિલની શરૂઆતમાં તો ગયા વર્ષના ૨૫૦ ના આંકની સરખામણીએ એ ૧૦૦ ની પણ અંદર જોવા મળ્યો છે. દિલ્હી તો ફક્ત એક ઉદાહરણ છે, અમદાવાદ અને મુંબઈ સહિત દેશના બધા જ મોટા શહેરોમાં હવાનું પ્રદૂષણ ઘટયું છે. મોટાભાગના શહેરોમાં આ ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં છે. અર્થાત, તમે મોકળા મને શ્વાસ લઈ શકો એટલી શુધ્ધ બની ચૂકી છે હવા.ગાંધીનગરસ્થિત ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટના ડો. અભિયન્ત તિવારી પણ યોગ્ય રીતે જ ધ્યાન દોરે છે કે, ફક્ત હવા જ નહીં, શહેરોમાંથી નીકળતી નદીઓના પાણીનું સ્તર ય સુધર્યુ છે. ઔદ્યોગિક પ્રવૃત્તિ ઠપ્પ થવાથી કારખાનાઓમાંથી નીકળતો અને નદીઓમાં ઠલવાતો કચરો ય બંધ થયો છે એટલે પાણી ચોખ્ખું થયું જ હોય. દિલ્હીમાં યમુના નદીનાં નીર નિર્મળ થયા એની જે તસવીરો સામે આવી છે એ આ વાતની ગવાહી છે.

મુંબઈના દરિયામાં અચાનક માછલીઓ દેખાવા માંડી છે અને સાબરમતીનું પાણી પીવાલાયક બન્યું છે. લોકો ય હરખઘેલાં થયા છે એટલે સોશિયલ મિડીયામાં ગામેગામની આવી તસવીરો ફરતી થઈ છે.બીજી એક વાત તરફ બધાનું ધ્યાન હજુ નથી થયું એ વાત એ છે કે ધરતી પરનો જે ધણધણાટ અટકી ગયો છે એના લીધે ઈંગ્લેન્ડની ઈમ્પિરિયલ કોલેજના અર્થ સાયન્સ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી સ્ટીફન હિકસ કહે છે એમ ધરતીના પેટાળમાં ચાલતી ગતિવિધીઓને વધારે સ્પષ્ટ રીતે નિરિક્ષણ કરવાનું શક્ય બન્યું છે. એક ટ્રક રસ્તા પર જતો હોય, એક કારખાનું ધમધમતું હોય કે એક ટ્રેન દોડતી હોય તો એ બંધ થવાથી ફરક ન પડે, પણ દુનિયાભરમાં બધા જ વાહનો, ટ્રેનો અને કારખાનાંઓ બંધ પડવાથી પૃથ્વીના પેટાળને જાણે હાશકારો થયો છે. ધરતીને તમે માતા ગણો છો, પણ એ માતા આપણો રોજ કેટલો બોજ સહન કરતી હશે એનો ખ્યાલ આના પરથી આવે છે. સતત હાંફતી-ફાંફતી એ માતાને ય કુદરતે જાણે થોડોક શ્વાસ લેવાની ફૂરસદ આપી છે.એક દ્રષ્ટિએ તો, હવા અને પાણીના પ્રદૂષણથી બચવાના ફાંફાં મારતી માનવજાતને ય હાશકારો થાય એવી ઘટના છે આ. થોડીક વાત વિચિત્ર અને કડવી લાગશે, પણ સાચી ય છે. સ્ટેનફર્ડ યુનિવર્સિટીના વિજ્ઞાની માર્શલ બર્કેએ આ સમયગાળામાં કરેલા સંશોધન પ્રમાણે, લોકડાઉન દરમ્યાન હવાના પ્રદૂષણથી થતા મૃત્યુમાં જે ઘટાડો થયો છે એની સામે કોરોનાથી થયેલા મૃત્યુનો આંક ઓછો છે! ૮ માર્ચ સુધીમાં ફક્ત ચીનમાં જ હવાનું પ્રદૂષણ ઘટવાના કારણે ૪૦૦૦ બાળકો અને ૭૩૦૦૦ થી વધુ વૃધ્ધોની જિંદગી બચી ગઈ છે. અર્થાત, પ્રદૂષણથી થતા સંભવિત મૃત્યુદરમાં લોકડાઉનના કારણે ઘટાડો થયો છે.આમ છતાં, કાયમ માટે તો કાંઈ આખી દુનિયાને લોકડાઉન ન જ કરી દેવાય ને?યસ, દિલ્હીસ્થિત સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના સુનીતા નારાયણ કહે છે એમ, લોકડાઉનથી સ્થિતિ સુધરી હોવા છતાં એ પ્રદૂષણની સમસ્યાનો ઉકેલ ન જ હોઈ શકે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૨/૦૬/૨૦૨૦, શુક્રવાર, જેઠ વદ-૭
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૨૮, જૈન નવકારશી-૭-૫૧,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**

૬-૦૪ થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૬ સુધી, ૧૨-૪૭થી શુભ-૧૪-૨૮ સુધી, ૧૭-૪૯થી ચલ-૧૯-૩૦ સુધી, ૨૨-૦૯ સુધી લાભ-૨૩-૨૮ સુધી

**- શુભ હોરા-**

૬-૦૪ થી ૯-૨૫ સુધી, ૧૦-૩૨થી ૧૧-૪૦ સુધી, ૧૩-૫૪ થી ૧૭-૧૬ સુધી, ૧૮-૨૩ થી ૧૯-૩૦ સુધી

# આત્મનિર્ભરતા : દેશ માટે ગેમ-ચેન્જર પુરવાર થશે...!

આત્મનિર્ભરતા વિશેષ
નૈમિષ ત્રિવેદી

કોરોના મહામારીનાં મહાસંકટને નાથવા અમલી લોકડાઉન અને અનલોકના ચાલી રહેલા સમયગાળા દરમિયાન ૧૨મી મેના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ કરેલા ઉદબોધનમાં દેશને આત્મનિર્ભર બનાવવાની માર્મિક હાકલ કરી છે.

નરેન્દ્ર મોદીએ આપત્તિને અવસરમાં બદલવા માટે આત્મનિર્ભર ભારતની પરીકલ્પના પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, સમયે આપણને શિખવ્યું છે કે વર્તમાન સંકટમાં લોકલ જ આપણને મદદરુપ થયું છે, લોકલને આપણે જીવનમંત્ર બનાવવાનો સમય આવી ગયો છે. આજથી જ દરેક ભારતવાસીએ પોતાના લોકલ માટે કામ કરવાનું છે. લોકલે જ આપણી જરરિયાતો પૂર્ણ કરી છે; તેથી લોકલ માટે આપણે વોકલ બનવાનું છે અને લોકલને ગ્લોબલ બનાવવાનું છે.

મોદીએ આ સાથે રૂ.૨૦ લાખ કરોડના મોટા રાહત પેકેજની જાહેરાત કરતા ઉમેર્યું કે, દુનિયામાં હાલની પરિસ્થિતિમાં ભારત ઘણું બધું કરી શકે છે. ભારતે હવે આત્મનિર્ભર બનવાનો સમય આવી ગયો છે અને તે માટે પાંચ પિલર મહત્વના છે, પ્રથમ પિલર છે ઈકોનોમી, બીજો છે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ત્રીજો છે આપણી સિસ્ટમ, ચોથો આપણી ડેમોગ્રાફી છે જ્યારે પાચમો પિલ્લર છે આપણુ દિમાગ. આ પાંચેય પિલરનો ઉપયોગ કરીને આપણે ભારતને આત્મનિર્ભર બનાવવાનું છે.

અત્યાર સુધી છેલ્લાં ઘણા સમયથી સામાન્ય પ્રજા રૂટિન વાતચીતમાં કે સોશીયલ મીડિયા પર વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરી સ્વદેશી અપનાવવા માટેનાં મેસેજો ફોરવર્ડ કરતી હતી, પરંતુ હવે પ્રથમવાર દેશનાં સર્વોચ્ચ સ્થાનેથી આટલા મોટા પ્લેટફોર્મ પરથી જાહેર અપીલ કરતાં તેની ગંભીરતા અને મહત્વ અનેકઘણું વધી જાય છે.

આ અભિયાનને ત્વરિત પ્રતિસાદ આપતાં કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા સ્વદેશી વસ્તુઓ માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. હવેથી કેન્દ્રિય સશસ્ત્ર પોલીસ બળની કેન્ટીનમાં માત્ર સ્વદેશી વસ્તુઓ જ મળી શકશે. આ આદેશ દેશની બધી કેન્ટીનમાં પહેલી જૂનથી લાગુ પડશે. આ પગલાંથી આશરે ૧૦ લાખ સીએપીએફ કર્મીઓના ૫૦ લાખ પરિજનો હવેથી સ્વદેશી સામાનનો જ ઉપયોગ કરશે.

સાંપ્રત વૈશ્વિક માહોલમાં કોરાના વાઈરસના ઉદભવથી માંડીને વિશ્વભરના દેશોમાં તેના વ્યાપક ફેલાવા બાબતે ચીનની અક્ષમ્ય બેદરકારી અને શંકાસ્પદ ભૂમિકાને લઈને સમગ્ર વિશ્વના કોરોના પિડીત દેશોની સરકારો અને પ્રજામાં ચીનની કુટિલ નીતિ પ્રત્યે જે પ્રચંડ રોષ, ગુસ્સો અને આક્રોશ છે તે આગામી સમયમાં ચીનનાં આર્થિક પતન માટેનું મોટું કારણ બની શકે છે, અને ચીનની આ પાયમાલી ભારત માટે આર્થિક ઉન્નતિનો સુવર્ણ માર્ગ પ્રસસ્થ કરી શકે છે.

ચીનની સામ્રાજયવાદી, સ્વાર્થી, લડાયક, , સરમુખત્યારશાહી નીતિથી અકળાયેલા વિશ્વએ ચીનનાં આર્થિક બહિષ્કારનો તખ્તો ગોઠવી દીધો છે અને લશ્કરી ઘેરાબંધી કરવાની વ્યૂહરચના ગોઠવવા માંડી છે, જેના ભાગરૂપે વિશ્વના ઘણા દેશોએ પોતાની કંપનીઓએ ચીનમાંથી કામકાજ સમેટવા મોટા પ્રોત્સાહક પેકેજો આપવાની શરૂઆત કરી દીધી છે.

ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી મોટામાં મોટા પડકારને કુશળતાથી ઝીલવામાં અને આફ્તને અવસરમાં બદલવામાં કુશળ ખેલાડી સાબિત થયેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અત્યારે વિશ્વના દેશો એક કાબેલ, મક્કમ અને વિઝનરી નેતા તરીકે જોઈ રહ્યાં છે ત્યારે મોદીએ સમય પારખીને આત્મનિર્ભરતાની સોગઠી ખેલી દીધી છે.

વૈશ્વિક ફલક પર આવી પડેલ આ સુવર્ણ તકને ઝડપી લેવા સરકાર અને પ્રજાએ સંયુક્ત રીતે સજ્જ થવું પડશે. ભારત પાસે તે માટે અખૂટ કુદરતી સંપદા, અપાર બુદ્ધિ કૌશલ્ય, મક્કમ નિર્ધાર અને અદમ્ય જુસ્સો છે.

તાજેતરના ભૂતકાળમાં ભારતે સાવ મફતમાં તનાવ દૂર કરીને સારૂ સ્વાસ્થ્ય પ્રદાન કરતી યોગવિદ્યાની અમૂલ્ય ભેટ વિશ્વને આપી છે. આ જ રીતે ગ્લોબલ વૉર્મિંગ અને કલાયમેટ ચેન્જ જેવી વિશ્વ માટે ગંભીર બની રહેલી સમસ્યાના ઉકેલ માટે ભારત પથદર્શક બની રહ્યું છે.

કોરોના સંકટના આગમન વખતે બે માસ અગાઉ ભારતમાં ખૂબ ઓછી માત્રામાં પીપીઈ કીટ બનતી હતી, જ્યારે હવે માત્ર બે જ મહિનામાં ભારત દુનિયામાં પીપીઈ કિટ બનાવનારો બીજા નંબરનો સૌથી મોટો દેશ બની ગયો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, ભારતના યુવા અને સાહસિક ઉદ્યોસાહસિકો અને કુશળ એન્જિનિયરો મનમાં ઠાની લે તો કંઈપણ કરી શકે છે !

વિશ્વની સૌથી યુવાન વસતિ એ ભારત માટે જમાપાસું છે. આ યુવાનોને જો યોગ્ય દિશા, માર્ગદર્શન, તાલિમ, સહાય અને પ્રોત્સાહન આપવામાં આવે તો ભારત મોટું મન્યુફેકચરિંગ હબ બની શકે છે. ૨૦૧૧ના સેન્સસ અનુસાર ૬૮.૮૪% વસતિ ગામડામાં વસવાટ કરે છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી કહેતા કે, 'ભારતનો આત્મા ગામડામાં વસે છે.' તેથી જ ભારતના આત્મારૂપી ગામડા અને ખેડૂતો માટે તાજેતરના પેકેજમાં મોટી જોગવાઈ કરીને તેમને સશકત કરવાનો ગંભીરતાપૂર્વક પ્રયાસ કરાયો છે. ગામડામાં રહેતી વસતિ માટે તાલુકા લેવલે કોલ્ડ સ્ટોરેજ, ગોડાઉન, કૌશલ્ય તાલીમ કેન્દ્રો વગેરે સુવિધા ઉપલબ્ધ કરાવીને ખેતપેદાશોના સ્ટોરેજ અને પેદાશોનું વેલ્યુએડીશન (મૂલ્યવર્ધન) કરી ખેડૂતોની આવકમાં મોટો ઈજાફો કરી શકાય, જેના પરિણામે ગામડામાંથી શહેરો તરફનું સ્થળાંતર ઘટશે અને શહેરો પર વસ્તીનું ભારણ ઘટશે. 'Mroe Crops, Per Drops' જેવી ક્રાંતિકારી પદ્ધતિ અમલમાં મૂકીને તથા ખેડૂતોને છાણીયા ખાતરના વપરાશ માટે પ્રોત્સાહિત કરીને ઓર્ગેનિક ખેતી તરફ વાળી શકાય, જેનાથી ઉત્પાદિત પ્રોડક્ટ વધુ ગુણવત્તાયુક્ત અને સ્વાસ્થ્યપ્રદ હોવાથી વધુ મૂલ્ય ઉપજી શકે. પશુપાલન, મત્સ્યઉદ્યોગ, હસ્તકલા, ખાદી ગ્રામોદ્યોગ જેવા ક્ષેત્રોને ઉત્તેજન આપી ગ્રામ્ય સ્તરે મોટાપાયે રોજગારીનું નિર્માણ કરી શકાય.

દેશનાં અર્થતંત્રની કરોડરજ્જુ સમાન અંદાજે ૧૧ કરોડ લોકોને રોજગારી પૂરી પાડતા એમએસએમઈ ક્ષેત્રને બળ આપવા આ ક્ષેત્ર માટે અનેક પ્રોત્સાહક જાહેરાતો કરવામાં આવી છે, જે મોટાપાયે નવી રોજગારીનું સર્જન કરશે.ટ્રેડ કરતા રોકાણકારો આત્મનિર્ભર ભારતના અભિયાનને અપનાવીને વિદેશી બજારોને બદલે ભારતીય એક્સચેન્જોને અગ્રીમતા આપે તો ટેક્સ દ્વારા થતી સરકારની આવકમાં મોટું યોગદાન આપી દેશના વિકાસમાં પોતાનો રોલ અદા કરી શકે છે. વિદેશી બજારો છોડીને સ્થાનિક સ્તરે કીમતી અને બિનલોહ ધાતુઓ, ક્રૂડ તેલ, નેચરલ ગેસ તથા કૃષિ કોમોડિટીઝમાં હેજિંગ માટેની અદ્યતન સુવિધા સાથે પારદર્શી અને વિશ્વસનીય પ્લેટફોર્મ પૂરું પાડતા દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) તથા અન્ય એક્સચેન્જો પર હેજિંગ કરીને ટ્રેડરો આત્મનિર્ભર ભારતના અભિયાનને બળ પૂરું પાડી શકે છે. ઊર્જા ક્ષેત્રે પરંપરાગત ઊર્જાના વિકલ્પ રૂપે ભારત સૌર અને પવન ઊર્જા પર ફોકસ કરીને ગ્રીન અને ક્લીન ઊર્જાનો મોટાપાયે ઉપયોગ કરીને શહેરોમાં પ્રદૂષણની સમસ્યાને હલ કરી શકે છે. ભગોલિક રીતે ઉષ્ણ કટિબંધમાં સ્થિત હોવાથી ભારતને વર્ષમાં ૯ થી ૧૦ મહિના અખૂટ સૂર્યપ્રકાશ વિનામૂલ્યે મળી રહે છે. સૌર ઊર્જા ક્ષેત્રે ગુજરાત સરકારની પ્રોત્સાહક નીતિને કારણે ગુજરાતમાં રહેણાંકના સ્તરે પણ તેનો વ્યાપ વધી રહ્યો છે, આવી યોજનાનો રાષ્ટ્રીય સ્તરે જનભાગીદારીથી આક્રમક રીતે અમલ થાય તો ચમત્કારિક પરિણામો મેળવી શકાય.

આ જ રીતે પેટ્રોલ અને ડીઝલના વિકલ્પ રૂપે ઈલેક્ટ્રિક વાહનોનાં ઉત્પાદન અને વપરાશ પર વિશેષ જોર અપાય તો વાહનો દ્વારા ફેલાતા ઝેરી પ્રદૂષણ પર અંકુશ મૂકી શકાય અને ક્રૂડ ઓઈલની આયાતમાં વપરાતું અમૂલ્ય વિદેશી હુંડિયામણ બચાવીને નાણાકીય ખાધને નિયંત્રિત કરી શકાય.હાલ કોરોના વાઈરસની કોઈ ચોક્કસ દવા ઉપલબ્ધ નહિ હોવાથી તેનાં કુદરતી ઉપચાર અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ભારતનાં દરેક રસોડામાં વપરાતાં આદુ, હળદર, લીંબુ, આંબળા. લવિંગ, સૂંઠ, ગંઠોડા, મરી, તુલસી. ફુદીનો, મધ, ગોળ વગેરેનો સમગ્ર વિશ્વમાં વ્યાપક ઉપયોગથી ચમત્કારિક પરિણામો મળ્યાં છે જેને પરિણામે ભારતનાં મરી - મસાલા અને તેજાના તથા વિવિધ આયુર્વેદિક ઔષધિ માટે વિશાળ બજાર ઊભું થઈ રહ્યું છે.

નરેન્દ્ર મોદીની આત્મનિર્ભરતાની વાતમાં રૂઢિચુસ્ત રાષ્ટ્રવાદીઓ કે હિંદુવાદી સંગઠનોની 'સ્વદેશી' જેવી સંકુચિતતાને બદલે 'મેક ઈન ઈન્ડિયા'નો સમાવેશ કરતી વ્યાપકતા સમાયેલી છે. સ્વાવલંબનની વાત આવે ત્યારે ભારત આત્મકેન્દ્રિત વ્યવસ્થાની હિમાયત કરતું નથી પરંતુ ભારતની આત્મનિર્ભરતા સમગ્ર માનવજાતના સુખ, કલ્યાણ અને શાંતિમય સહઅસ્તિત્વ માટે પ્રેરિત કરનારી બની રહેશે.

આમ, બહોળી આંતરિક માગ ધરાવતું, વિકાસની ભરપૂર સંભાવના ધરાવતું, સૌથી પ્રાચીન અને ભવ્ય સાંસ્કૃતિક વારસો ધરાવતું ભારત સમગ્ર વિશ્વ માટે આકર્ષક અને વિશ્વસનીય ડેસ્ટીનેશન પુરવાર થઈ રહ્યું છે, ત્યારે ભારતે વૈશ્વિક ફલક પર રચાયેલા રંગમંચ પર નાયકની ભૂમિકા આબેહૂબ નિભાવીને પોતાને 'શહેનશાહ' તરીકે પ્રસ્થાપીત કરીને છવાઈ જવાનું છે! આ નવી ભૂમિકા માટે તમામ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છા...

### સરદાર સાહેબ ક્યારેય તડીપાર નહોતા થયાં

## સાસંદ મોહન ડેલકરએ અમિત શાહને સરદાર પટેલ સાથે સરખાવવામાં આવ્યોએ દુર્ભાગ્યપુર્ણઃ પ્રભુ ટોકિયા

વલસાડ

દેશ ના પ્રથમ ગૃહમંત્રી અને લૌહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ની એક અલગ ઓળખ છે.ભારતીય રાષ્ટ્રીય આંદોલન માં એમની વૈચારિક અને ક્રિયાત્મક રુપે દેશને એક નવી દિશા આપી હતી.તંત્રતા પ્રાપ્તિ બાદ સરદાર પટેલ એ અખંડ ભારત ના નિર્માણ માં એમનું યોગદાન ને ભુલી શકાય નહી,અને એમની દેશ પ્રત્યે ની ભાવના અને યોગદાન ને કોઈ બીજા સાથે સરખાવું એ ખરેખર એક મુખમી છે, સરદાર પટેલ રાજાનતીક ઈતિહાસમાં એક અત્યંત ગૌરવપૂર્ણ સ્થાન છે. દેશ પ્રત્યે અને દેશ વાસીયો પ્રત્યે એમની ભાવના અને લાગણીઓ બધા જ દેશ વાસીઓ જાણે છે, સરદાર પટેલ અન્યાય સહન નહી કરી સકતા હતા,અન્યાય સામે વિરોધ એમને સ્કુલ ના સમયે અધ્યાપકો સામે સરુ કરી દીધો હતો, લૌહ પુરુષ સરદાર પટેલ ને પ્રદેશ ના સાંસદ મોહન ડેલકર એ ગૃહમંત્રી અમીતશાહ સાથે સરખાવવામાં આવ્યો એની દો.ન.૭ પ્રદેશ કોંગ્રેસ સમીતી નિંદા કરે છે, દેશ ના ગૃહમંત્રી અમીતશાહ ના ભુતકાળ ને એમના ગુજરાત ના ઈતિહાસ બાબતે આખો દેશ જાણે છે.એની ચર્ચા મારે નથી કરવી પરંતુ પ્રદેશ ના સાંસદ પોતાની રાજકીય રોટલા શેકવા ના ચક્કર માં લૌહ પુરુષ સરદાર પટેલ જેવા હસ્તી ને બીજા સાથે સરખાવવી એ દુર્ભાગ્ય પુર્ણ છે.

લૌહ પુરુષ સરદાર પટેલ અખંડ ભારત બનાવાનું કાર્ય કર્યું હતું. એમના સપાના ના ભારત ને આજે કેંદ્ર ની સરકાર માં બેસેલા મંત્રીઓ દેશને જોડવા કરતા તોડવા માટે નવા નવા કાનનો લાવીને દેશ ની એકતા તોડવા ના કાર્ય કરી રહ્યા છે. એવા સમય માં લૌહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ જેવી હસ્તીને ગૃહમંત્રી અમીતભાઈ શાહ સાથે સરખાવવું વાસ્તવમાં એ લૌહ પુરુષ સરદાર પટેલ નું અપમાન બરાબર છે. આ દેશમાં બીજો કોઈ પણ લૌહ પુરુષ સરદાર પટેલ સ્થાન નહી લઈ શકે, જેથી પ્રદેશ ના સાસંદ મોહન ડેલકર એ ગૃહમંત્રી અમિત શાહ ને દેશના પ્રથમ ગૃહમંત્રી લૌહ પુરુષ સરદાર પટેલ સાથે સરખાવવામાં આવ્યો એ દુર્ભાગ્યપૂર્ણ છે.



કોરોનાથી કુદરત બચી ગઈ છે ત્યારે તેમના ટાઈમટેબલમાં કોઈ ફરક પડ્યો નથી. પનવેલની કર્નાલા સેન્ચ્યુરીમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ઑરિએન્ટલ ડ્રાફ્ટ કિંગફિશરનું જોડું આવ્યું છે. ચોમાસા દરમિયાન અહીં તેઓ મેટિંગ પિરિયડ પસાર કરે છે અને પછી ફરી ભારતની દક્ષિણ દિશામાં ઊડી જાય છે અને આખું વર્ષ ત્યાં જ વિતાવે છે. ખૂબ જ જૂજ પ્રમાણમાં જોવા મળતા આ રૂપકડાં પક્ષીઓ આપણે આંગણે રોમાન્સ કરવા આવ્યાં છે... સો ડૉન્ટ ડિસ્ટર્બ ધેમ!

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૨૮ અને ચાંદીમાં રૂ.૭૦૨નો ઉછાળોઃ ક્રૂડ તેલમાં ચાલુ રહેલી નરમાઈ

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૯૮૨૯૮ સોદામાં રૂ. ૧૨૪૮૦.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૧૨૪.૩૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૫૫.૭૯ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોનાના વાયદાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૮ અને ચાંદીમાં કિલોદીઠ રૂ.૭૦૨નો ઉછાળો હતો. તમામ બિનલોહ ધાતુઓ ઘટી હતી. એનર્જીમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંનેમાં નરમાઈ ચાલુ રહી વાયદા વધુ ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલમાં પ્રત્યાઘાતી વૃદ્ધિ સામે સીપીઓમાં સુધારાની આગેકૂચ રહી વાયદા વધુ વધ્યા હતા. કપાસમાં ઘટાડો ચાલુ રહ્યો હતો. કોટનનો વાયદો જળવાયેલો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૦૬૨૧ સોદાઓમાં રૂ. ૬૬૯૯.૬૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૭૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૩૩૫ અને નીચામાં રૂ. ૪૬૭૫૦ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૨૮ વધીને રૂ. ૪૭૦૫૪ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૦ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૯૯૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૨૮ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૨ વધીને બંધમાં રૂ. ૪૭૦૪૧ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૭૭૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૦૪૯ અને નીચામાં રૂ. ૪૮૬૫૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૦૨ વધીને રૂ. ૪૮૭૮૬ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૬૩૯ વધીને રૂ. ૪૯૦૯૦ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૬૫૧ વધીને રૂ. ૪૯૦૯૨ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૬૭૫૮૨ સોદાઓમાં રૂ. ૨૩૧૮.૯૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૯૦૮ ખૂલી, ઊપરમાં રૂ. ૨૯૩૪ અને નીચામાં રૂ. ૨૮૬૬ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૬ ઘટીને રૂ. ૨૮૭૮ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૧૭૧૩ સોદાઓમાં કુલ રૂ. ૧૪૧.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૫૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૬૩૦ અને નીચામાં રૂ. ૧૬૫૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે કોઈ ફેરફાર વગર રૂ. ૧૬૫૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૮૧.૩ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૩ વધીને બંધમાં રૂ. ૬૮૮.૨ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૩૫.૩ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૪૮ અને નીચામાં રૂ. ૧૦૨૯.૫ રહી, અંતે રૂ. ૧૦૩૭ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૨૬.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૬ અને નીચામાં રૂ. ૧૦૨૬.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૦૦ ઘટીને રૂ. ૧૦૩૦ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૭૬૫૮ સોદાઓમાં કુલ રૂ. ૩૯૬૭.૯૦ કરોડ ની કીમતનાં ૮૪૧૪.૦૬૬ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૨૯૬૩ સોદાઓમાં કુલ રૂ. ૨૭૩૧.૭૬ કરોડ ની કીમતનાં ૫૫૭.૩૦૬ ટન, ક્રૂડ તેલમાં ૪૧૬૫૦ સોદાઓમાં રૂ. ૧૬૧૬.૩૪ કરોડનાં ૫૫૮૩૬૦૦ બેરલ્સ, કોટનમાં ૧૩૦ સોદાઓમાં રૂ. ૬.૪૮ કરોડનાં ૩૯૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૫૧૬ સોદાઓમાં રૂ. ૧૩૧.૧૬ કરોડનાં ૧૯૨૯૦ ટન, મેન્થા તેલમાં ૨૯ સોદાઓમાં રૂ. ૩.૨૫ કરોડનાં ૩૧.૩૨ ટન, કપાસમાં ૩૮ સોદાઓમાં રૂ. ૮૪.૬૧ લાખનાં ૧૬૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૧૯૪.૦૦૨ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૧૨.૬૬૪ ટન, ક્રૂડ તેલમાં ૫૬૯૦ બેરલ્સ, કોટનમાં ૧૦૪૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૫૪૩૮૦ ટન, મેન્થા તેલમાં ૬૨.૬૪ ટન અને કપાસમાં ૧૮૦ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૩૫૫.૭૯ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જયારે પ્રીમિયમ ૭.૧૯ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૫.૮૭ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૪.૧૩ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૮ ખૂલી, ઊપરમાં રૂ. ૫૭૨ અને નીચામાં રૂ. ૪૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૦૧.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૧ ખૂલી, ઊપરમાં રૂ. ૩૨૪ અને નીચામાં રૂ. ૨૮૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૩.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૦૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૬૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૪૫ અને નીચામાં રૂ. ૮૬૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૯૬ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૨૭ ખૂલી, ઊપરમાં રૂ. ૬૦૩ અને નીચામાં રૂ. ૫૦૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૯૬ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૮૦ અને નીચામાં રૂ. ૫૫.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૯૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૪.૫ અને નીચામાં રૂ. ૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩૦.૧ બંધ રહ્યો હતો.

# રાષ્ટ્ર પ્રથમ વોટ્સએપ ગ્રુપ ની પહેલ

વહાલા ડોકટર ભાઈયો/બહેનો,

ગઈકાલે છસ્છ ના ચેરપર્સન શ્રીમતી મોનાબહેન દેસાઈ દ્વારા ગુજરાત હાઈકોર્ટ માં થયેલ જાહેર હિતની અરજી પછી તંત્ર સફાળું જાગૃત થવા લાગ્યું છે, અને સાંજ સુંધી માં નકલી સેનેટાઈઝર ના સમાચારો થી વાતાવરણની ગંભીરતા બેવડાઈ છે.

ઘટનાની ઉંડી તપાસ કરતા એવું સમજાયું કે, કોરોના નો ભોગ બનેલ ડોકટરો ને અમદાવાદની હોસ્પીટલો માં બેડ ન મળતા આ પગલું લેવા ની પ્રેરણા મળી. પરીણામ સ્વરુપે, આજે રાજય ના સ્વાસ્થ મંત્રી તથા ઉપમુખ્યમંત્રી શ્રી નીતીનભાઈ પટેલ સાથે તાબડતોડ મીટીંગ ની જાહેરાત થઈ.

હવે આ પ્રસંગે કેટલીક બાબતો આપ સૌની વચ્ચે મુકવી છે, જે અત્યંત આવશ્યક છે એવું અમને સૌને જણાય છે.

૧) શું આપ સૌની પ્રાથમીકતા, હોસ્પીટલો માં આપ સૌ માટે બેડ આરક્ષીત રખાય એ હોવી જોઈયે કે આ પરીસ્થીતી નું નીર્માણ ન થાય એવી હોવી જોઈયે..??

૨) શું આપને નથી લાગતું કે, સંક્રમીતો ના આંક નીચા બતાવવા માટે જાણી જોઈને કરાઈ રહેલ ઓછા ટેસ્ટ ને બદલે શક્ય હોય એટલા વધુ ટેસ્ટ માટે આપ સૌ એ પણ અવાજ ઉઠાવવો જોઈયે..??

૩) વધુ ટેસ્ટ થતાં, દર્દી પણ વધુ આવશે.. પરંતુ એમના એન્ટીબોડી ડેવલોપમેન્ટ થકી હર્ડ ઈમ્યુનીટી નું પણ પ્રમાણ વધશે જ.. અને આ બધાથી ઉપર માણસો ના જીવ જતા બચાવી શકાશે..!!

૪) શું આપનું એક પેશન્ટ કોરોના ના કારણે મૃત્યુ પામશે ત્યારે એમના પરીવાર નો આપના તરફનો વિશ્વાશ અકબંધ રહેશે કે ઘટશે..??

૫) આજના જ અખબારી અહેવાલો અનુસાર જાન્યુઆરી થી મે સુંધી માં ૫૦૦૦ વધુ મૃત્યુ થયા છે.. પરીસ્થીતી ની ગંભીરતા ને જોતા આપ સૌની ફરજ શું બને છે..??

૬) આપ સૌ માં થી જેટલા ડોકટર મીત્રો સોશ્યલ મીડીયા પર એકટીવ હશે તેણે જોયું જ હશે કે, ગુજરાત ના પત્રાકારમીત્રો તથા ન્યુઝ રીપોર્ટરો એકદમ એગ્રેસીવલી આ મુદ્દાને પોતાના ટ્વીટર/ફેસબુક માં ઉછાવી જ રહ્યા છે.. ભલે ને પછી પોતાનું મીડીયા હાઉસ કોઈ દબાણ વશ ખબરો ન જાહેર કરતું હોય.. કોરોના સામેની લડત માં મીડીયા જગત ના મીત્રો એ જયારે લોકોના જીવ બચાવવા માટે પોતાની નોકરી ની પણ પરવા છોડી ને સરકાર ની આ નીતીશુન્યતા વિરુધ્ધ જયારે રીતસર નું રણશીંગુ ફુંક્યુ હોય ત્યારે, શું આપ સૌની જવાબદારી નથી કે આપ પણ એમાં સહભાગી બની, સાચા અર્થમાં કોરોના વોરીયર બનો..??

જો આપને આ ઉપરોક્ત બાબતો યોગ્ય લાગતી હોય, અને જો આપ આ વિચારો ના સમર્થન માં હોવ તો... આપના વર્તુળ માં આ મેસેજ મોકલો, અને એમને પણ લડત અર્થે પ્રેરીત કરો

કોરોના થી મારક અસરથી રાજયની જનતા ને બચાવી, સાચો ડોકટર ધર્મ નીભાવીયે

# રાજસ્થાનની બોર્ડર સીલ કરતાની સાથે જ ધાનેરામાં ગુટકાના વેપારીઓ એ ફરીથી લોકો ને લૂંટવાનું શરૂ કર્યું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના વાયરસ ને લઇ સમગ્ર દેશને લોકડાઉન કરી દેવામાં આવ્યો હતો ત્યારે સમગ્ર દેશમાં પાન મસાલા ગુટખા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જેને લઈને કેટલાક વેપારીઓ બેફામ બન્યા હતા અને આડેધડ ગરીબ અને ભોળી પ્રજાને લૂંટી પાંચ રૂપિયાની વસ્તુ ના પચાસ રૂપિયા વસૂલ કર્યા હતા વાત કરવામાં આવેલા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ધાનેરા માં પણ કેટલાક વેપારીઓ એ લોકડાઉન દરમિયાન મોટા પ્રમાણમાં કાળા બજારી કરી મોટા પ્રમાણમાં ગોરખ ધંધો કર્યો હતો પાંચ રૂપિયાની ગુટકા ૫૦ રૂપિયામાં અને પાંચ રૂપિયાની તમાકુ ૨૦૦ રૂપિયામાં વેચી લોકો પાસેથી આડેધડ પૈસા પડાવ્યા હતા તો બીજી તરફ સમગ્ર ઘટનાને લઈને ધાનેરા ના એક જાગૃત નાગરિક દ્વારા સ્થાનિક તંત્ર પ્રાંત અધિકારી મામલતદાર નગરપાલિકાને પણ લેખિતમાં જાણ કરવામાં આવી હતી.તેમ છતાં પણ આ વેપારીઓએ લોકોને લૂંટવા નું ચાલુ જ રાખ્યું હતું તે બાદ ગઈ કાલે પણ ગુજરાત રાજસ્થાન ની બોર્ડર સીલ કરી હોવાના સમાચાર મળતા જ ફરીથી આ જ આ વેપારીઓ સક્રિય બન્યા છે અને લોકોને લૂંટવા માં મસ્ત બન્યા છે બોર્ડર સીલ કરતાની સાથે જ આ વેપારીઓએ ગુટખામાં ભાવ માં વધારો કરી દીધો છે અને લોકોમાં એક નવો સંદેશો આપે છે કે આવનારા સમયમાં ગુટકા તેમજ તમાકુ બંધ થઈ જશે જે થી કરીને લોકો પણ દુકાનો પર ગુટકા અને તમાકુ લેવા માટે પડાપડી કરી રહ્યા છે ત્યારે કેટલીક દુકાનોમાં મેળા જેવો માહોલ જોવા મળ્યો હતો નાતો લોકોમાં સોશિયલ ડિસ્ટન્સ જોવા મળ્યું હતું કે ના તો સેનેટાઈઝર નો ઉપયોગ ત્યારે તંત્ર આવા લેભાગુ અને લૂંટારું વેપારીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે

# મોરા પ્રાથમિક શાળામાં માસ્કનું વિતરણ કરાયું

મોટી ઈસરોલ, તા.૧૧

મોડાસા તાલુકાના મોરા પ્રાથમિક શાળામાં દ્વારા નૈનેશભાઈ કંસારા તરફથી સી.આર.સી. શ્રી ભાવેશભાઇ ના હસ્તે માસ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.આ શાળા સ્થાનિકોના સારા સહયોગને કારણે અને અન્ય દાતાઓના ઉમદા સહકારથીઅવારનવાર સંસ્થામાં સેવા પ્રવૃતિઓને વેગ મળતો હોવાનું શિક્ષક હસમુખભાઈ પટેલે જણાવ્યું હતું.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્યિક (ધર્મ અને વિજ્ઞાન)

રસપાન(૨૪)

॥ चौविस ॥

जप तप कर्म क्रिया नेम धर्म । सर्वांघटीं राम भाव शुद्ध ॥१॥

न सोडी हा भावो टाकीं रे संदेहो । रामकृष्ण टाहो नित्य फोडी ॥२॥

जाति विथ्र गोत कुलशील मात । भजकां त्वरीत भावयुक्त ॥?॥

ज्ञानदेवा ध्यानीं रामकृष्ण मनीं । वैकुंठभुवनी घर केलें ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૪

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તો ને કહે છે કે,''સર્વ સાધનો કરતા અને ન કરતા ને પણ એક દ્રઢ ભાવના મનમાં રાખી કે રામ એજ સર્વ પદાર્થ માં ચર અચર સૃષ્ટિમાં ભરેલો હોય છે.માટે જપ કરો તપ કરો,પૂજા વિધિ ,યજ્ઞ યોગ ક્રિયા,નિયમ,વ્રતપાલન,દાન ધર્મ કંઈ પણ કરો,હે ભક્ત ! તું શંકા જરૂર છોડી દે,પણ મનની ભક્તિભાવ ક્યારેય છોડીશ નહિ. રામ-કૃષ્ણ! એવી અત્યંત કાકુળતા(દ્રવ્યતા) થી દેવને બોલાવ! હાંક માર!આપણી જાત કંઈ ?આપણેશ્રીમંત, આપણે ગરીબ,છીએ,આપણું ગોત્ર ક્યું છે? આપણું કૂળ ક્યું છે?આપણું શીલ એટલે સ્વભાવ કેવો છે..આ બધી કોઈ પણ વાતનો તું વિચાર કર નહિ, શંકા ધર નહિ સાચી ભાવના,ખરી શ્રધ્ધા રાખ અને ભગવંતની ભક્તિ કર. શ્રી જ્ઞાનદેવ કહે છે કે,'' તેમના ધ્યાનમાં ,મનમાં ફક્ત રામ-કૃષ્ણ જ છે અર્થાત બાહ્યઃ તેઓ જરા પણ આ જગ્યામાં કે વિશ્વ પંથમાં ચાલે તો તેમને બધે જ સ્વર્ગની જ અનુભૂતિ થાય છે. અહીં ભગવંતના ભક્ત કેટકેટલાય વેગવેગળા (જુદા જુદા)સમાજના ,સ્તરનાં છે.'' *ऊँच-नीच काही नेणे भगवंत च्च* એવું એક અભંગમાં કહ્યું છે.

ઉદાહરણ રૂપ

રામદાસ,એકનાથ- વિપ્ર,નામદેવ- દરજી, નરહરી—સોની,સાવંતા- માળી,ચોખોબા- અત્યંજ,મીરા,સખૂ,કાન્હોપાત્રા આ બધી સ્ત્રીઓ મુક્તાબાઈ - નાની છોકરી ,શ્રી જ્ઞાનદેવના ભાઈ ભાંડુ જ્ઞાતિ બહાર, ગજેન્દ્ર - પ્રાણી(હાથી),મકર- પ્રાણી, ગુગલ - નાવિક, શબરી-ભીલ,વાલ્મીકિ -કોળી, તો ભ્રષ્ટ બ્રાહ્મણ દરોડેખોર,...એવા અનેક પ્રકારના ભક્તો વિવિધસ્તરનાં હતા પણ તેમની ભક્તિ એક લક્ષી હતીતેથી જ તેમનો ઉદ્ધાર થયો છે.

અનુવાદ : જયશ્રી પટેલ ૬/૬/૨૦૨૦

------------------------------------------

રસપાન(૨૫)

॥ पंचविस ॥

जाणीव नेणीव भगवंतीं नाहीं । हरि?उच्चारणीं पाही मोक्ष सदां ॥१॥

नारायण हरि उच्चार नामाचा । तेथें कळिकाळाचा रीघ नाहीं ॥२॥

तेथील प्रमाण नेणवें वेदांसी । तें जीवजंतूंसी केंवी कळे ॥३॥

ज्ञानदेवा फळ नारायण पाठ । सर्वत्र वैकुंठ केलें असे ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૫

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને કહે છે કે,''હે ભક્ત, ભગવંત હમેશાં ભક્તની બાબતમાં ક્યારેય એવો ભેદભાવ કરી વિચારતા નથી કે,''તેમનું નામ લેનાર ભક્ત બીજા જ્ઞાન વિજ્ઞાનમાં નિષ્ણાંત છે કે નથી? ઓછું ભણેલો છે ?શબ્દે જ્ઞાની નથી? શ્રી જ્ઞાનદેવ કહે છે કે,'' હે ભક્ત, ભગવંતનું નામ રોજ લેતા રહેવું જોઈએ તોજ મોક્ષ છે જ! નારાયણ !હરિ ! આ નામના જપ જ્યાં ચાલે છે ત્યાં કલીનું અર્થાત્ વિકારનું અને કાળનું - અર્થાત્ વિકારનું અને કાળનું અર્થાત્ મૃત્યુનો હાસ્ર,નાશનો પ્રવેશ થઈ શકતો નથી અને કંઈ ભાવનાથી મોક્ષ મળશે એ કોઈજ નિશ્ચિત પ્રમાણ વેદાંતમાં પ્રાપ્ત થતું નથી.તો સામાન્ય જવને તો હરિકૃપાનું રહસ્ય કેવી રીતે ખબર પડે? શ્રી જ્ઞાનદેવ કહે છે ''નારાયણનું નામનું પઠન કરવાથી, સર્વોત્કૃષ્ટ ફળ તેમને મળ્યું છે- એટલે કે તેમણે અત્યારે સર્વ જગતભરમાં વૈકુંઠ સ્થાપ્યું હોય તેવી લાગણી ભાવના તેમને થાય છે.'' આમ ખરેખર નારાયણનો જાપ કે મંત્ર એટલે જ વૈકુંઠ.

અનુવાદ : જયશ્રી પટેલ ૭/૬/૨૦૨૦

------------------------------------------

રસપાન(૨૬)

॥ सव्वीस ॥

एक तत्व नाम दृढ धरीं मना । हरीसी करुणा ये ?ईल तुझी ॥१॥

तें नाम सोपें रे राम-कृष्ण गोविंद । वाचेसी सद्गद जपे आधीं ॥२॥

नामापरतें तथ्व नाहीं रे अन्यथा । वायां आणिका पंथा जासील झणीं ॥३॥

ज्ञानदेवा मौन जप माळ अंतरी । धरोनी श्रीहरि जपे सदां ॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૬

શ્રી જ્ઞાનદેવ પોતાના ભક્તોને ઉપદેશ આપતા કહે છે કે,''હે ભક્ત,તમારા પરમ હિત માટે હરિનામ લેવાનું કહું છું.હરિનામ એ ઉચ્ચ તત્વ છે.મોક્ષનું ખરું સાધન છે.તે જો તમે દઢતાથી ધરશો તો હરિ પામશો,હરિને તમારા પર કરુણા થશે.અરે રામ કૃષ્ણ ગોવિંદ આ નામ ઉચ્ચારવા માટે સુદ્ધા સરળતા આવે છે.તું જે નામ લઈશ તેનો સાત્વિક ભાવ હવામાં,કંઠમાં ભરાયો આવવો જોઈએ,ખરા તડફડાટથી નામ લેવું જોઈએ,અરે ભક્તો નામ જેવું વધું મહત્ત્વનું બીજું કોઈ નથી. તમે ભૂલચૂકથી પણ ભલતા માર્ગે ઉપાસના(પૂજા પાઠ)કરવા જશો પણ તમે એવું કરશો નહિ.નામનો જપ સુદ્ધા પણ શ્રી હરિને મનોમન ધ્યાનમાં રાખીને કરજો.જપમાળા બાહ્ય શોર કે મોટેથી નહિ પણ મૌનનાં રૂપે મનમાંજ કરવી જોઈએ.તે જ પ્રમાણે જાપ કરશો તો જ હરિ પ્રસન્ન થશે.આમ શ્રી જ્ઞાનદેવ પ્રભુના જાપ તપ કે આરાધના માં બાહ્ય આડંબર દેખાડો કે જોરશોરને ત્યજીને ધૈર્ય શાંતતા ને મનથી કરવાનું કહે છે.

અનુવાદ :જયશ્રી પટેલ નિં૮/૬/૨૦૨૦

------------------------------------------

રસપાન(૨૭)

॥ सथावीस ॥

सर्व सुख गोडी साही शास्त्रें निवडी । रिकामा अर्धघडी राहूं नको ॥१॥

लटिका व्यवहार सर्व हा संसार । वायां येरझार हरिवीण ॥२॥

नाम मंत्र जप कोटी जा ?ईल पाप । रामकृष्णीं संकल्प धरुनि राहें ॥३॥

निजवृथि हे काढी सर्व माया तोडी । इंद्रियांसवडी लपू नको ॥४॥

तीर्थी व्रतीं भाव धरी रे करुणा । शांति दया पाहुणा हरि करी ॥५॥

ज्ञानदेवा प्रमाण निवृथिदेवीं ज्ञान । समाधि संजीवन हरिपाठ ॥६॥

રસપાન(૨૭)

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૭

શ્રી જ્ઞાનદેવ તેમના ભક્તોને કહે છે કે,''સર્વ શાસ્ત્રોમાં કહેવાય છે કે સર્વ સુખની મીઠાસ હરિનામમાં જ છે . ત્યારે હે ભક્ત,નામ ન લે તો અર્ધો કલાક પણ ખાલી ન બેસી રહેતા, કારણ આ સંસારમાં સર્વ કર્મકાંડ કે બાહ્યાચાર વ્યર્થ છે , પણ હરિ નામસ્મરણ કરવાથી આ સંસારના ફરી ફરી(ચોર્યાશી ફેરા) જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળશે. શ્રી જ્ઞાનદેવ ભક્તને કહે છે,હે ભક્ત,તમે નામ મંત્ર લેશો તો કોટી કોટી પાપ નષ્ટ થશે.તમે કૃષ્ણનું નામ લેવાનો નિર્ણય કરો અને મુશ્કેલીઓ આવે તો પણ અટક્યા વગર નામ લેતા જ રહો. સર્વ માયાના પાશા તોડી નાંખો,ઈન્દ્રિયોની આસક્તિથી દૂર રહે,તમારી વૃત્તિતેમાંથી કાઢી નાંખો, ઈન્દ્રિયોને ગમતા,તેના વિષય માટેઉપર તમે પોતાના પર કોઈ આવરણ(પડદો) ન ઘાલશો.'' શ્રી જ્ઞાનદેવ ભક્તને કહે છે કે,''તીર્થ યાત્રા કરો , વ્રત કરો, પણ તેમાં હરિભક્તિનાં ભાવ આવવા દો. હૃદયમાં શાંતિ ભાવ રાખો,દયા ભાવ રાખો,શ્રી હરિનો આદર સત્કાર કરો અને તેનું મહેમાનની જેમ પૂજન કરો. શ્રી જ્ઞાનદેવ પોતાના માટે કહે છે કે,'' તેમના ગુરુ શ્રી નિવૃત્તિનાથ દેવે તેમને આ જ્ઞાન આપ્યું છે અને હરિપાઠ સમાધિ માટે સંજીવની છે.અર્થાત હરિપાઠ વાંચન ,મનન,પઠન,શ્રવણ આના દરવાજે જાગૃતાવસ્થા ને સમાધિ સુખનો લાભ મળે છે.'' આમ હરિપાઠનો મહિમા કહિને તેને સમાધિની સંજીવની બુટી કહી છે,જેનાથી ચોર્યાશી ફેરામાંથી પણ મુક્તિ મળે છે.

અનુવાદ :જયશ્રી પટેલ હિં/ ૯/૨૦૨૦

------------------------------------------

રસપાન(૨૮)

॥ अठ्ठावीस ॥

अभंग हरिपाठ असती अठ्ठावीस । रचिले विश्वासें ज्ञानदेवें ॥१॥

नित्य पाठ करी इंद्रायणीतीरीं । होय अधिकारी सर्वथा तो ॥२॥

असावें एकाग्रीं स्वस्थ चिथ मनीं । उल्हासेंकरूनी स्मरावा हरि ॥३॥

अंतकाळी तैसा संकटाचे वेळीं । हरि त्या सांभाळी अंतर्बाह्य ॥४॥

संतसज्जनांनी घेतली प्रचीति । आळसी मंदमति केंवीं तरे ॥५॥

श्रीगुरु-निवृथिवचन तें प्रेमळ । तोषला तात्काळ ज्ञानदेव ॥६॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૮

શ્રી જ્ઞાનદેવના હરિપાઠ અઠ્ઠાવીસ અભંગના છે.તેમના ગુરૂ શ્રી નિવૃત્તિનાથે આપેલા વચનો પર શ્રધ્ધા રાખી શ્રી જ્ઞાનદેવ સંતુષ્ટ થયા છે અને તેઓ ભવસાગર તરી ગયા છે?૧? તેઓનું માનવું છે કે ઈન્દ્રાયણી પણ બેસીને આનો નિયમિત પાઠ કરે તો સર્વથા મોક્ષની અધિકારી થાય.?૨? તેઓ આગળ કહે છે,''ચિત્ત સ્વસ્થ હોવું, હરિચરણી મન એકાગ્ર કરવું ,ઉત્સાહથી,આનંદથી, જીવાભાવાને(પ્રેમથી) હરિનું નામ સ્મરણ કરવું જોઈએ.''?૩? તેઓ કહે છે કે ,''જે આવું જ કરે છે તેને સંકટ વખતે હરિ સંભાળી લે છે અને મૃત્યું સમયે પોતાની પાસે લઈલે છે.તેની બાહ્ય અને અંતરગત ભક્તિને તે કાયમ પોતાની ગણી તેનું રક્ષણ કરે છે.''?૪? આ માટે સમજાવે છે કે,''સંતોની અને સજ્જનો એ તેની ખાત્રી કરેલી છે.જો મંદબુદ્ધિના હોય અને આ બાબતની આળસ કરે તો,તો તે કેવી રીતે તરી(બચી) શકશે??૫? શ્રી જ્ઞાનદેવના ગુરૂ શ્રી નિવૃત્તિનાથે તેમને અતિ પ્રેમથી આ જ્ઞાન ને વચનામૃત આપ્યું તેના થકી તેમને અત્યંત જ સંતોષ મળ્યો છે.એમ અંતિમ શ્લોક દ્વારા પોતાના ભક્તગણને શ્રીજ્ઞાનદેવ સંબોધે છે.?૬? આ અઠ્ઠાવીસમાં અધ્યાયમાં શ્રી જ્ઞાનદેવને સંસાર તરી જવાના,હરિનામ લેતા રહેવાનું, હરિપાઠ નિત્ય ઈન્દ્રયાણી રૂપે બોલવા એવું અમૃત વચન સંભળાવ્યું છે.સંત સજ્જનોને તેની ખાત્રી પણ થઈ છે એવું સાક્ષીભાવે સમજાવ્યું છે.શ્રી નિવૃત્તિનાથ પ્રતેયેની તેમની ભક્તિ ને શ્રદ્ધા કેટલી દઢ છે એ આ હરિપાઠમાંના શ્લોકો દ્વારા દૃષ્ટિમાન થાય છે.

અનુવાદ :જયશ્રી પટેલ ૧૦/૬/૨૦૨૦

------------------------------------------

રસપાન(૨૯)

ोणाचें हें घर हा देह कोणाचे।

आत्माराम त्याचा तोचि जाणे ॥१॥

मी तूं हा विचार विवेकें शोधावा ।

गोविंदा माधवा याच देहीं ॥२॥

देहीं ध्याता ध्यान त्रिपुटींवेगला ।

सहस्त्र दलीं उगवला सूर्य जैसा ॥३॥

ज्ञानदेव 6हणे नयनाची ज्योति।

या नांवे रूपें तो तु6ही जाणा॥४॥

શ્રી જ્ઞાનદેવ હરિપાઠ

૨૯

આ અભંગ એટલે અભંગ કહેવાની એક પધ્ધતી જે હરિપાઠની પૂર્ણાહુતિ સમયે શ્રી જ્ઞાનદેવે પોતાના ભક્તોને કહી. શ્રી જ્ઞાનદેવ કહે છે કે,''ભક્તો કે સાધકોએ હમેશાં એવી શોધ કરવી કે માનવ દેહ(સૌનો) એ કોઈનું રહેવાનું ઘર છે..? પણ ખરેખર તો દેહ એ તો આત્માને રહેવાનું ઘર છે ! આ જાણરાનાં જ તે જ વ્યક્તિઓ છે ..જેને માટે હું કોણ જેને તું કહેવાય..તો આ તું કોણ ? એ આ જ દેહ ,ગોવિંદ,માધવ અને નામાં ને જાણનારો આત્મા છે, એ જ લક્ષમાં લઈને વિચાર કરવો. શરીર એ જ છે, ધ્યાન ધરતાં ધરતાં ,ધ્યાન ધરનાર વ્યક્તિ(દેહ) , ધ્યાન અને ધ્યેય(લક્ષ) આ ત્રણેય કાળે કાળે જુદા જુદા તો છે જ , પણ જયારે મસ્તકમાં આત્મજાગૃતિ દ્વારા પ્રકાશ ફેલાય તે સહસ્ત્ર સૂર્યના પ્રકાશની જેમ ઝળકી ઉઠે છે.

શ્રી જ્ઞાનદેવ કહે છે કે,'' ભક્ત, આંખો દ્વારા જે અંતરના તેજને ,જ્યોતિ સ્વરૂપે જોઈ બહારનાં અંધારને,અજ્ઞાનને વિશ્વમાં ઓળખી જાય છે,તેમ જ તે આત્માને ભક્તો ગોવિંદ,માધવ આ નામથી અન રૂપથી જાણો અને તેનો વાસ હૃદયમાં રાખો.'' અસ્તુ

*॥ श्रीकृष्णपर्णमअस्तु ॥*

સંપૂર્ણ

અનુવાદ : જયશ્રી પટેલ ૧૧/૬/૨૦૨૦

------------------------------------------

દેખ તમાશા લકડી કાના રચયિતા સંત કબીર હતા.તેઓનું આ ભજન બહુ જ પ્રચલિત છે.શ્રી જ્ઞાનદેવના હરિપાઠનાં અનુવાદનું આજે અંતિમ ચરણ પૂર્ણ થયું.આ અનુવાદને લોકો સુધી પહોંચાડવાનું કામ જાણે અજાણે ન્યુઝ ઓફ ગાંધીનગરના તંત્રી શ્રી પ્રદિપ રાવલજીએ કર્યું.વાતમાંથી વાત નીકળતા તેઓના પ્રિય ભજનની વાત નીકળીને તેઓ એ કબીરના આ આધ્યાત્મિક તત્વજ્ઞાન આપતાં ભજનની વાત કરી તો તેમના આ ઋણને હું મારાથી થાય તેટલું યથાશક્તિ રૂપ ઋણ અદા કરું છું ને હરિપાઠને આટલા સુંદર ભજનથી પૂર્ણ કરું છું.??

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

1या जीवन 1या मरण कबीरा

1या जीवन 1या मरण कबीरा खेल रचाया लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जिसमे तेरा, जिसमे तेरा जनम हुआ वो पलंग बनाया लकड़ी का

जिसमे तेरा जनम हुआ वो पलंग बनाया लकड़ी का

माता तु6हारी, माता तु6हारी लोरी गाए वो पलना था लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

पढने चला जब, पढने चला जब पाठशाला में लेखन पाठी लकड़ी का

पढने चला जब पाठशाला में लेखन पाठी लकड़ी का

गुरु ने जब-जब, गुरु ने जब-जब डर दिखलाया वो डंडा था लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जिसमे तेरा, जिसमे तेरा 4याह रचाया वो मंडप था लकड़ी का

जिसमे तेरा 4याह रचाया वो मंडप था लकड़ी का

वृद्ध हुआ, वृद्ध हुआ और चल नहीं पाया लिया सहारा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

डोली, पालकी, डोली, पालकी और जनाज़ा सबकुछ है ये लकड़ी का

डोली, पालकी और जनाज़ा सबकुछ है ये लकड़ी का

जनम-मरण के, जनम-मरण के इस मेले में है सहारा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

उड़ गया पंछी, उड़ गया पंछी रह गई काया बिस्तर बिछाया लकड़ी का

उड़ गया पंछी रह गई काया बिस्तर बिछाया लकड़ी का

एक पलक में, एक पलक में ख़ाक बनाया ढ़ेर था सारा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

मरते दम तक, मरते दम तक मिटा नहीं भैया झगड़ा-झगड़ी लकड़ी का

मरते दम तक मिटा नहीं भैया झगड़ा-झगड़ी लकड़ी का

राम नाम की, राम नाम की रट लगाओ तो मिट जाए झगड़ा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

1या राजा 1या, 1या राजा, 1या रंक, मनुष, संत अंत सहारा लकड़ी का

1या राजा, 1या रंक, मनुष, संत अंत सहारा लकड़ी का

कहत कबीरा, कहत कबीरा सुन भाई साधु ले ले त6बूरा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

1या जीवन 1या मरण कबीरा

1या जीवन 1या मरण कबीरा खेल रचाया लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

जीते भी लकड़ी, मरते भी लकड़ी, देख तमाशा लकड़ी का

પૃથ્વી પર પ્રથમ સૃષ્ટિ ખીલી ને સૃષ્ટિના તત્વોમાં વૃક્ષે અગણિત ઉપકારો કર્યા છે.વૃક્ષનું લાકડું મનુષ્યના જીવનમાં જન્મ થી મરણ સુધી વિણાયેલું છે.મનુષ્ય જન્મ જ્યાં લે છે તે પલંગ લાકડાનો જ હોય છે તે લાકડાંના સ્પર્શથી સ્પંદન ની ઓળખ મળે છે.બાળ સ્વરૂપે માની લોરી પણ તે લાકડાંનાં પારણાંમાં શ્રવણ કરેછે.ત્યાં શ્રવણનું સ્પંદન મેળવે છે. અહીંથી જ માનવ દેહ તેના આત્મા સાથે મોટો થતો જાય છે ને તે શિક્ષણ પ્રાપ્ત કરવા જાય છે ત્યાં તેને પાટીના પત્થરની ફ્રેમ પણ લાકડાની જ સ્પર્શે છે,શિક્ષણ માટે જયારે જયારે શિક્ષા થઈને ગુરુએ ડર બતાવવા ઉપયોગ કર્યો તે લાકડી કે સોટી પણ લાકડાંની હતી તો ડરની અનુભૂતિ પણ લાકડાં દ્વારા જ થાય છે. ધીરે ધીરે માનવ મોટો થતો ગયોને ગૃહસ્થાશ્રમ તરફ પગ માંડ્યાને તેનો સંસાર લગ્નની વિધિ પણ લાકડાંના મંડપમાં જ થઈ.ઘર વસ્યુંને રાચરચીલું પણ લાકડાંથી બનીને ઘરને શોભાયમાન બનાવ્યું. જીવન મરણની વચ્ચે તારી મારીની હુંશાતુંસી થઈ ને ઝઘડા ઉદ્દભવ્યા ને મારામારી માટે પણ લાકડાની લાકડી જ ઉપડી. શરીર ઘસાયું પગ ન ચાલ્યા,વૃધ્ધાવસ્થા પ્રવેશીને સહારો થઈ તે પણ લાકડી..આ અવસ્થાએ પહોંચતા જ માનવી જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે.જીવન જે ક્ષણે શરુ થાય છે તે ક્ષણે કાળ પણ નક્કી જ સમય પર નોંધાય લો છે.દેહમાંથી જે ક્ષણે પીંજરું તોડીને આત્મા ઉડી જાય છેને દેહ નશ્વર બને છે કે તે લાકડાનીઠાઠડી જોડે કસકસાવીને બાંધી લઈ જવામાં આવે છે આમ શું જન્મ કે શું મૃત્યું બધો જ તમાશો ખેલ લાકડા સાથે જ પૂર્ણ થાય છે.સ્મશાને પહોંચી સગાવહાલા સર્વે આ નશ્વર દેહને લાકડાના ઢગલા પર મૂકી અંતિમ વિદાય આપી દે છે.લાકડા સાથે દેહ પણ બળીને રાખ થઈ જાય છે..આમ જીવન કે મરણની લાંબી કે ટૂંકી સફર પૂર્ણ થાય છે.. તેથી સંત કબીર કહે છે શું જીવન મરણ ના આ ખેલમાં સમય મળે તો હે માનવ તું રામ નામનું રટણ તારા અંતઃકરણથી કર જેથી મોક્ષ મેળવી શકે.રાજા કે રંક,સંત કે સૈતાન કોઈ પણ હોય ગતિ તો એક જ છે અંતે મૃત્યું ,તો સાધુ બની લાકડાનો તંબૂરો લઈ તું રામ નામનું રટણ કરને મોક્ષ તરફ વળ. બધા જ સાધુ સંત એકજ જ્ઞાન તત્વજ્ઞાન આપે છે કે,'' હરિનું નામ સ્મરણ ખરા હૃદયથી કરો તો જરૂર મોક્ષ માર્ગે જશો.અંતઃકરણમાં આત્માનો પ્રભુ સાથે સંગમ થશે..પછી જીવન શું ,મરણ શું..જીવનભર લાકડાંથી શરૂ ને લાકડાંમાં પૂર્ણતા..??

અસ્તુ આભાર. જયશ્રી પટેલ. ૧૧/૬/૨૦૨૦

### પરિવારની સ્થિતિ દયનીય હોવાની તબીબ ને જાણ થતાં ફી સહિત દવાનું બિલ માફ કરી દીધું

# દાંતીવાડાના ધાનેરીના સ્લમ પરિવારના દીકરાની પાલનપુર ના ખાનગી તબીબે નિશુલ્ક સારવાર કરી માનવતા મહેકાવી

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુરના ખાનગી તબીબે સાપના ઝેરનો ભોગ બનેલા દાંતીવાડાના ધનેરી ગામના સ્લમ પરિવારના કમાઉ દીકરાની કોરોના કહેર વચ્ચે ૪ દિવસ સારવાર કર્યા બાદ પરિવારની સ્થિતિ દયનીય હોવાનું ધ્યાને આવતાં જ તબીબે દર્દીની ફી માફ કરી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.




દાંતીવાડાના ધાનેરી ગામે રહેતા ઉમાંભાઈ મકવાણાનાં પરિવારમાં તેમનો ૧૮ વર્ષીય દીકરો શ્રવણ છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.જોકે શનિવારે શ્રવણ મંજૂરીએથી ઘરે આવી વાળું કરી ઘરમાં સૂવા જઈ રહ્યો હતો.તે સમયે તેને ઝેરી સાપે ડંખ્યો હતો.જેથી પરિવાર તેને બેહોશ હાલતમાં સારવાર અર્થે પાલનપુરની સિવિલ હોસ્પિટલ ખાતે લઈ દોડી આવ્યો હતો.પરંતુ યુવકની હાલત ગંભીર જણાતા વધુ સારવાર અર્થે તેને ખાનગી હોસ્પિટલમાં રિફર કરતા પરિવાર તેને પાલનપુરના સ્વસ્તિક આઈસીયુમાં લઇ દોડી આવ્યો હતો.જયાં હાજર તબીબ ઉમંગ વૈષ્ણવે તેને વેન્ટિલેટર સહિતની સારવાર પૂરી પાડી યુવકનો જીવ બચાવ્યો હતો.

૩ દિવસ સુધી યુવકને સ્વસ્તિક આઈસીયુમાં દાખલ રખાયો હતો.જે બાદ ૪ દિવસે રજા અપાઇ હતી.પરંતુ ત્રણ દિવસની સારવાર દરમિયાન હોસ્પિટલના સ્ટાફના ધ્યાનમાં પરિવારની સ્થિતિ ખૂબ જ દયનીય હોય તેવું ધ્યાને આવતા સ્ટાફે તબીબને વાત કરી હતી.જેને લઇ તબીબ ઉમંગ વૈષ્ણવે માનવતા દાખવી શ્રવણની ફી માફ કરી દેતા પરિવારના માથે આવેલું મોટું આર્થિક સંકટ ટળ્યું હતું.જે અંગે તબીબ ઉમંગ વૈષ્ણવે જણાવ્યું હતું કે મારા સ્ટાફના માણસોએ મને જણાવ્યું હતું કે જ્યારથી યુવક અહીં દાખલ થયો છે.ત્યારથી અહીં સેવાકીય સંસ્થા દ્વારા દર્દીના સાથે રહેલા તેના માતા-પિતાને ભોજન અપાતું હતું. પરંતુ તેની માતા ભોજન કરતી જ ન હતી.જયારે દર્દીને રજા આપવાના સમયે તેના પિતા ટેન્શનમાં હતા.જેથી સ્ટાફે આ પરિવારની દયનિય સ્થિતિની જાણ કરતા મેં યુવકની સારવારની ફી માફ કરી દીધી છે.

# સરકારને ખેડૂતોની જમીન હડપવામાં કોરોના નથી નડતો? : ખેડૂત એકતા મંચ



ગુજરાત સરકાર તમામ કામો માટે કોરોનનું કારણ આગળ ધરી દે છે. પરંતુ, ખેડૂતોની જમીન પડાવવાની વાત આવે એટલે એને કોરોના મહામારી જરાય નડતી નથી.

આજે, ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના જુના દિવા ગામે ભરૂચ જિલ્લા કલેકટરશ્રી, ડીવાયએસપી સહિત પોલીસનો મોટો કાફલો લઈને આવ્યા અને ૪૦થી વધારે ખેડુની અટકાયત કરી સત્તાના બળે ખેડૂતોના ઉભા પાક પર બુલડોઝર ફેરવી દીધા છે.

આ ખેડૂતોની જમીનના વળતરના ભાવ નક્કી થયા નથી, કલેકટર અને ખેડૂતો વચ્ચે મિટિંગો ચાલતી હતી છતાં, અચાનક જ, સત્તાના બળે ભારતીય જનતા પાર્ટીની સ્ક ખેડૂતોની ફળદ્રુપ જમીન ઉપર ઉભા પાક ઉપર બુલડોઝર ફેરવી રહી છે.

ખેડૂતોના વળતર નક્કી કરવા અને પૈસા ચુકવવામાં કોરોના નડે છે પરંતુ જમીન પડાવવામાં કોરોના નડતો નથી. સરકારનું આ પગલું તદ્દન ગેરકાયદે, સત્તાને બળે લેવાયેલું છે.

આ જમીન મહામારીમાં હોસ્પિટલ બાંધવા જેવા તાત્કાલિક કામ માટે લેવાઈ નથી, વડોદરા મુંબઈ એક્સપ્રેસ હાઇવે માટે લેવાઈ છે. મહામારી પુરી થાય, ખેડૂતોના પાક લેવાઈ જાય ત્યાં સુધી હાઈવેનું કામ રોકવાથી કોઈ પહાડ તૂટી પડવાના નહોતા. વડોદરા-મુંબઈ વચ્ચે હોલ ૬ લેન નેશનલ હાઈવે ચાલુ જ છે, તો પછી આટલી બધી ઉતાવળ અને ખેડૂતો પર જબરદસ્તી કોના લાભાર્થે કરાઈ તે સવાલ છે.

પોતાની જમીનનું વળતર માંગતા ખેડૂતને પૈસા ચુકવવાને બદલે જેલ હવાલે કરીને જમીન પડાવે એવું તો ભારતીય જનતા પાર્ટીની સરકાર જ કરી શકે...!

ખેડૂતો પાસેથી વળતર ચૂકવ્યા પહેલા જ બળજબરીથી જમીન પડાવવાના સરકારના જોહુકમીભર્યા પગલાંનો ખેડૂત એકતા મંચ સખ્ત વિરોધ કરે છે અને ખેડૂતોને શક્ય તમામ મદદ કરવાની ખાતરી આપે છે.

(સાગર રબારી)




અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા શાંતિકુંજ હરિદ્વારની અપીલ પર ૩૧ મે રવિવારે એકસાથે દસ લાખ ઘરોમાં ગૃહે ગૃહે ગાયત્રી યજ્ઞનું સવારે ૮ થી ૧૨ માં આયોજન કરવામાં આવ્યું. જેમાં ૨૪ ગાયત્રી મંત્ર , ૫ મહામૃત્યુંજય મંત્ર અને બે કોરોના નાશ માટેની વિશેષ આહુતિ આપવામાં આવી.પં.શ્રી રામ શર્મા આચાર્યનું સપનું ૨૧મી સદી ઉજ્જવળ ભવિષ્ય પુરું કરવા માટે એકસાથે ૫૧ કરોડ પરિવારમાં આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું. આના અંતર્ગત અંતરજાળ,કચ્છના શ્રી સર્વ જીવ સેવા કલ્યાણ ટ્રસ્ટના મુકેશભાઈ બાપટ દ્વારા ગાયના છાણમાંથી વિભિન્ન ઔષધિઓ મિશ્રણ કરીને સમિધ બનાવવામાં આવે છે. આયુષ્ય મંત્રાલય દ્વારા પણ પંચગવ્ય ચિકીત્સાને અનુમતિ આપવામાં આવી છે એની આ પ્રસંગે પ્રશંસા કરવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગાયત્રી શક્તિ પીઠના પ્રમુખ દિલીપ ભાઈ કોટક,અનુરાધા મોટવાણી,કાંતિભાઈ ઠક્કર અને ટ્રસ્ટીઓએ શુભેચ્છાઓ પાઠવી. યજ્ઞકાર્ય ગાયત્રી પરિવારના કાર્યકર્તા એસ.પી.સીંગ અને દિનેશ જી દ્વારા કરાયું. આ પ્રસંગે મુકેશભાઈ બાપટ ને ભારત વિકાસ પરિષદના પ્રમુખ જખાભાઈ હુંબલ, રાજુ ઉત્સવ, દિપક ભાઈ ઠક્કર, રમેશભાઈ બાપટ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી.

### વંદે ગુજરાત ચેનલ નંબર-૪ પરથી પ્રસારણ

# આજે બાયસેગના માધ્યમથી પ્રાકૃતિક કૃષિ વિષય પર રાજયપાલશ્રી માર્ગદર્શન આપશે

માન.રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિ અંગેની વિવિધ તાલીમો અને પ્રચાર પ્રસારનું કાર્ય કરવામાં આવી રહયું છે. જે અંતર્ગત તા. ૧૨ જૂન-૨૦૨૦ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે માન. રાજયપાલશ્રીના પ્રાકૃતિક કૃષિ વિષય પર માર્ગદર્શન માટેના એક કાર્યક્રમનું બાયસેગના માધ્યમથી પ્રસારીત કરવાનુ કૃષિ વિભાગ દ્વારા આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ વંદે ગુજરાત ચેનલ નંબર- ૪ પરથી પ્રસારણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ જિલ્લાના તમામ ઇ-ગ્રામ સેન્ટરો, પ્રાથમિક શાળા, ખેડૂત તાલીમ કેન્દ્ર વગેરે સ્થળ ઉપર તેમજ મોબાઈલની જીઓ ટીવી એપ્લીકેશન ધ્વારા વંદે ગુજરાત ચેનલ-૪ મારફતે જીવંત નિહાળી શકાશે. આ કાર્યક્રમનો સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિના માસ્ટર ટ્રેનર, સુભાષ પાલેકર પ્રાકૃતિક કૃષિનની તાલીમ લીધેલ ખેડૂતો, સરપંચશ્રીઓ, ગામના આગેવાનો અને અન્ય તમામ ખેડૂતો સોશીયલ ડીસ્ટન્સ અને કોવિડ-૧૯ ની ગાઇડલાઇનનુ પાલન કરીને બહોળા પ્રમાણમાં લાભ લેવા પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા, અરવલ્લીની એક અખબારી યાદી દ્વારા જણાવાયું છે.

### મોડાસામાં કોરોનાનો તાંડવ યથાવત

# મોડાસા શહેરમાં ૯ લોકોને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ ,વધુ બે કેસ સાથે કોરોનાની અર્ધી સદી

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિન-પ્રતિદિન કોરોના વાયરસના પોઝેટીવ કેસ નોંધાઈ રહ્યા છે મોડાસા શહેરમાં ૫૦ કોરોના પોઝેટીવ દર્દીઓ માંથી ૯ લોકોના મોત નિપજયા છે જેમાં ૨૪ કલાકના સમયગાળામાં બે કોરોના પોઝેટીવ અને હિંમતનગર કોવીડ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલ શંકાસ્પદ કોરોના પોઝેટીવ દર્દીનું મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે મોડાસા શહેરમાં કોરોના દર્દીઓ પોઝેટીવ રિપોર્ટ આવ્યાનાં ગણતરીના કલાકોમાં જ મોત ને ભેટતા લોકોમાં ભય જોવા મળી રહ્યો છે મોડાસા શહેર માં કોરોનાથી મૃત્યુ પામેલાં દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓએ હિમતનગર કોવીડ હોસ્પીટલ સારવાર દરમિયાન દમ તોડી દેતા હિમતનગર કોવીડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને આપવામાં આવતી સારવાર સામે પણ લોકોમાં અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે મોડાસા શહેરમાં કોરોનાના વધુ બે કેસ પોઝેટીવ દર્દીઓ સાથે કુલ અંક ૫૦ પર પહોંચ્યો છે અરવલ્લી જિલ્લામાં કોરોનાગ્રસ્ત દર્દીઓ પણ વધી રહ્યાં હોવાથી લોકોમાં ભય છવાયો છે

અરવલ્લી જીલ્લા માટે કોરોના પ્રાણઘાતક સાબિત થઈ રહ્યો છે મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી સંક્રમણના ભય હેઠળ મોડાસા શહેરમાં કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા વધવાની સાથે મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો છે મોડાસા શહેરમાં ગુરુવારે કોરોનાથી અને અન્ય એક મુસ્લિમ અગ્રણી અખ્તર ચિસ્તીનું હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં શંકાસ્પદ કોરોનાથી મોત નિપજતાં ચકચાર મચી છે

મોડાસા શહેરમાં સતત કોરોના પોઝેટીવ દર્દીઓનું મોત નીપજ્યું રહ્યું મોડાસામાં કોરોના પોઝેટીવ દર્દીઓનો મૃત્યુ આંક પણ સતત વધી રહ્યો હોવાથી કોરોના ૯ લોકોને ભરખી જતા લોકોમાં કોરોનાની બીમારીએ ફફડાટ ફેલાયો છે મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોનાથી સતત થઈ રહેલ મૃત્યુ થી આરોગ્ય વિભાગ ગોથે ચઢ્યું છે જીલ્લામાં મૃત્યુદરમાં સતત થઇ રહેલો વધારો આરોગ્ય તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ લોકો ઉઠાવી રહ્યા છે

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાના ૧૪૧ પોઝેટીવ દર્દીઓમાંથી ૧૨ લોકોના મોત નિપજ્યા છે જેમાંથી મોડાસા શહેરમાં જ ૯ લોકોને કોરોના ભરખી ગયો છે ત્યારે કોરોનાનો મૃત્યુદર વધતા આરોગ્ય તંત્ર છેલ્લા કેટલાક સમયથી મોત નીપજેલા દર્દીઓને અન્ય ગંભીર બીમારીઓ હોવાથી મોત નીપજ્યું હોવાનું જણાવી રહ્યું છે ત્યારે તંત્ર દ્વારા જાણે કોરોનાથી મોત ને ભેટેલા કમનસીબ મૃતકોના મૃત્યુને કોરોનાથી નહિ પણ અન્ય ગંભીર બીમારીઓના લીધે મોત થયું હોવાનું સાબિત કરવા હવાતિયાં મારી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે ત્યારે હાલ થઇ રહેલા મૃત્યુને કોરોનાથી થયેલ મૃત્યુ સમજવા કે પછી અન્ય કોઈ બીમારીથી મૃત્યુ થયું સમજવું એ સમજવા લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઇ રહ્યું છે

### ખેડબ્રહ્મા શહેરમાં

# સ્ટેટ હાઈવેથી લક્ષ્મીનગર સોસાયટી તરફ સી સી રોડ નું ખાતમુહૂર્ત કરાયું



તસ્વીર:- કમલેશ રાવલ

કમલેશ રાવલ ખેડબ્રહ્મા દ્વારા

ખેડબ્રહ્મા શહેર માં આવેલ સ્ટેટ હાઈવે થી લક્ષ્મીનગર સોસાયટી તથા ઔધોગિક વિસ્તાર નેજોડતા સી સીરોડ નું ખાતમુહૂર્ત નગરપાલિકાના ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર ના વરદ હસ્તે કરવામા આવ્યું આ રોડ૧૨ લાખ ના ખર્ચે નવ મીટર પહોળો બન્ને સાઈટ બ્લોક નાખવામાં આવશે આ સી સી રોડ બનવાથી જ્યોતી હાઇસ્કુલ, ઔધોગિક વિસ્તાર લક્ષ્મીનગર સોસાયટી ને જોડતા આ સી સી રોડથી આવિસ્તાર ના લોકો ને સુવિધાઓ મળશે નજીક ના ભવિષ્યમાં બાયપાસ રોડ ની સુવિધા મળવાની છે જેથી આ રોડ ખેડબ્રહ્મા નગર ના લોકો ને તેમજ ઊમિયા નગર સોસાયટી ને જોડતા બાયપાસ ને ઉપયોગી બનશે તેમજ ૫૦ લાખ ના ખર્ચે કોઝવે નું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે આ ખાતમુહૂર્ત વિધિ માં સદસ્યો દશરથભાઈ પ્રજાપતિ,તારાચંદ પ્રજાપતિ, વર્ષાબેન પટેલ,હસમુખભાઈ ભાવસાર નગરપાલિકાના એન્જીનીયર રાજુભાઇજાની, નરેન્દ્રસિંહ પરમાર સોસાયટી ના સભ્યો ઔધોગિક વિસ્તાર ના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા

# ગાંઠીઓલની એ. પી ઠાકર હાઈસ્કૂલનું ગૌરવ

મોટી ઈસરોલ, તા.૧૧

એ. પી ઠાકર હાઈસ્કૂલ, ગાંઠીઓલ નું એસ. એસ. સી માર્ચ ૨૦૨૦ નું પરિણામ ૬૪.૨૦ ટકા આવેલ છે. પ્રથમ સ્થાને પટેલ યાત્રી અરવિંદભાઈ ૯૧.૫૦ ટકા સાથે ગાંઠીઓલ કેન્દ્ર માં પ્રથમઅને ઇડર તાલુકા માં બીજા ક્રમે આવી શાળા નું નામ રોશન કરેલ છે. શાળા માં બીજા ક્રમે ચૌધરી કાવ્યા કમલેશભાઈ ૮૬.૩૩ ટકા, ત્રીજા ક્રમે પટેલ જ્ઞાની કમલેશભાઈ ૮૬ ટકા મેળવી શાળા અને ગામ નું ગૌરવ વધારવા બદલ આચાર્ય શ્રી પ્રવિણસિંહ સીસોદીયા, આદર્શ કેળવણી મંડળ ના પ્રમુખ શ્રી જનકભાઈ ઠાકર, ઉપપ્રમુખ શ્રી ફલજીભાઈ પટેલ, મંત્રી શ્રી નારજીભાઈ પટેલ ને જવલન્ત સિદ્ધિ મેળવવા બદલ અને શાળા અને ગામ નું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થીઓ ને અભિનંદન પાઠવે છે.

### બ્રિજેશ મેરજાના રાજીનામા એ હડકંપ મચાવ્યો

# માણાવદરના પાટીદાર આગેવાન દેવજીભાઈ ઝાટકિયા એ બ્રિજેશના રાજીનામાની ઝાટકણી કાઢી



વિશ્રવમાં બધાને ઓળખી શકાય છે પણ માણસનો કયાસ કાઢવો અધરી બાબત છે સમયના પ્રવાહમાં કયારેક આશાઓના, હોદાઓના પરપોટા દેખાય છે તો કયારેક વમળની વ્યથાએ પણ હોય છે. સંબંધોની ,દોસ્તીની અને સ્નેહની સરવાણીઓ સુકાઈ જાય અને પરિચિતો અપરિચિત બનતા લાગે ત્યારે આપણને પોતાને મનમાં શંકા જાગે કે ભલા એક માણસને ટેકો દઈ ઉચ્ચ આસને બેસાડયો ત્યારે તે ટેકેદારોથી વિમુખ બની જાય અને પોતાની ઓઢણી બદલાવી બીજાની પહેરી લે એવા માણસ સાથે કયો સંબંધ અને દોસ્તી હતી

આવોજ પ્રશ્રન મોરબી ના ધારાસભ્ય કે જે પાટીદાર ના ટેકાથી કોંગ્રેસમાંથી ચુંટાયા હતા તેમણે રાજીનામું આપતા તેમના મિત્ર રહેલા માણાવદર ના ખેડૂત આગેવાન અને પાટીદાર સમાજ ના મોભી દેવજીભાઇ ઝાટકિયા ને ઝટકો આંચકો લાગ્યો છે. બ્રિજેશના રાજીનામાથી પાટીદારોમાં સન્નાટો છવાઈ ગયો છે હડકંપ મચી ગઈ છેઆ સન્નાટો બોલકો બની પડધાઇ રહયો છે ત્યારે દેવજીભાઇ ઝાટકિયા એ મેરજાને પત્ર લખી બળાપો કાઢતા જણાવ્યું કે ૧૯૭૫ ની ચુંટણી માં કિમલોપની રચનાનું નિર્માણ માણાવદરમાંથી થયું હતું ને વલ્લભભાઈ પોપટભાઈ પટેલ ને ધારાસભ્ય પદે માણાવદરે મોકલ્યા ત્યારે બ્રિજેશ મેરજા તેના સેવક તરીકે કાર્યરત હતા એ હિસાબે દેવજીભાઇ ઝાટકિયા ને મેરજાની સાથે ઔપચારિક સંબંધો હતા પણ મેરજાએ રાજીનામું આપતા એ સંબંધ ઉપર ઝાટકિયા એ પૂર્ણ વિરામ મૂકતા જણાવ્યું કે મેરજાભાઇ પાટીદાર ટેકે ચુંટાયેલ તમે હવે આવતી ચૂંટણી મા ધારાસભ્ય પદની આશા ન રાખતા તમારે જરાક તો શરમ કરવી હતી કદાચ તમને મંત્રીપદના સપના આવતા હશે પણ એ વાત હવે રાયના ભાવ રાતે ગયા એવી થઇ ગઇ છે તમે મોરબી ની જનતા અને પાટીદારોનો દ્રોહ કર્યો છે પ્રજા તમને માફ નહી કરે.

તસ્વીર - અહેવાલ .જીજ્ઞેશ પટેલ માણાવદર

# અરવલ્લીના સરહદી ગામોમાં તીડ નિયંત્રણને લઈ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો

અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજના સરહદી ગામોમાં તીડ આવવાની સંભાવનાને લઇ અગમચેતીના ભાગરૂપે જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરની અધ્યક્ષતામાં કૃષિ વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.બેઠકમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને રણતીડની ઓળખ અને તેના નિયત્રણ અંગે શુ પગલા લેવા તે અંગે તકેદારી રાખવા તેમજ જિલ્લાના સરહદી વિસ્તારોમાં તીડ આવવાની શક્યતા છે તેવી જગ્યાઓની ઓળખ કરી અગાઉથી ટીમ બનાવી સર્વે હાથ ધરવા પર ભાર મુક્યો હતો.



જિલ્લામાં હાલ જે પાકનું વાવેતર કરવામાં આવ્યું છે. તેવા ગામોમાં રણતીડથી શક્યતાઓ હોય તો નિયંત્રણ માટે ગ્રામકક્ષાએ દવા છંટકાવ માટે ફૂટ સ્પ્રેયર અને ટેન્કર દ્વારા દવા છંટકાવ કરવાનું સમગ્ર આયોજન કરવા જણાવ્યું હતું. આ સાથે કલેકટર શ્રીએ પોતાના ગામમાં રણતીડ જોવા મળે તો તીડ કઈ દિશામાંથી આવ્યા છે, કેટલા વિસ્તારમાં તીડ બેઠા છે, કયા ગામે સીમમાં બેઠા છે તે અંગેની માહિતી કૃષિ વિભાગના કંટ્રોલ રૂમ ૦૨૭૭૪- ૨૫૦૦૩૦ અથવા ડિઝાસ્ટરના કંટ્રોલ રૂમ ઉપર જાણ કરવા જણાવ્યું છે.

# માણાવદર નું ગૌરવ વધારતો પાર્થ વૈશ્ર્નાણી



માણાવદર ના ડોકટર વૈશ્ર્નાણી સાહેબ અને ડોક્ટર પુષ્પાબેન વૈશ્ર્નાણી ના પુત્ર પાર્થ વૈશ્ર્નાણી એ

તાજેતરમાં ધોરણ ૧૦ ના પરિણામ જાહેર થતા જૂનાગઢ ની જાવિયા સ્કૂલમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી પાર્થ વૈશ્ર્નાણી ઈંગ્લીશ મિડીયમ માં જૂનાગઢ જિલ્લા માં પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે પાર્થ એ ૯૯.૯૯. પી.આર મેળવી સમગ્ર શાળા તેમજ માણાવદર નું ગૌરવ વધારેલ છે તેને સફળતા વિશે પુછતા જણાવેલ હતું કે તે દરરોજ ૭થી ૮ કલાક વાંચન કરતો હતો અને તેમને હવે પછી ડોક્ટર બનવાની ઈચ્છા છે

રીપોર્ટર - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.